# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika




વર્ષ : ૦૧ ૨૦૨૫ : ઓક્ટોબર

અંક : ૧૦



**: તંત્રી :**

**શ્રી દિલીપભાઈ પંડ્યા**

૨૮, બાજખેડાવાળ સોસાયટી, મણીનગર (પૂર્વ)

અમદાવાદ–૩૮૦૦૦૮. (મો.) ૯૩૭૪૫૦૨૭૮૩



**: પ્રકાશક :**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.
## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

આપના ઘરમાં હંમેશાં ધનની વર્ષા રહે, સંકટનો નાશ થાય અને શાંતિનો વાસ રહે. દીપાવલી તથા આવનારૂ નૂતન વર્ષ આપને તથા આપના પરિવારને સુખમય, સમૃદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ.



# શુભ દિપાવલી !!
# નૂતન વર્ષાભિનંદન !!



દિલીપભાઈ પંડ્યા (તંત્રી)
તથા તંત્રીમંડળના સભ્યો, બાજખેડાવાળ પત્રિકા

++++++

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી સમીરભાઈ દવે (મંત્રીશ્રી)
તથા ટ્રસ્ટીઓ, હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા, અમદાવાદ**

++++++

શ્રી સમીરભાઈ દવે (પ્રમુખશ્રી) શ્રી મુકેશભાઈ દવે (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી., અમદાવાદ**

++++++

શ્રી કિરીટકુમાર દવે (પ્રમુખશ્રી) શ્રી પ્રણવકુમાર જોષી (મંત્રીશ્રી)
તથા હોદ્દેદારો અને કારોબારી સભ્યો
**શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી, વિદ્યાનગર**

## શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ – સોજીત્રા

ઠે. અંબામાતાના મંદિર પાસે, ચારકુવાની ભાગોળ, સોજીત્રા–૩૮૭૨૪૦, જિ. આણંદ–૩૮૭૨૪૦

શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજની જનરલ મીટીંગ તા. ૩૧–૦૮–૨૦૨૫ને રવિવારે સમાજ ભવનમાં સવારે ૧૦.૦૦ કલાકે પ્રમુખશ્રી હરેશ એમ. દવે અને મંત્રીશ્રી સંદીપભાઈ પી. ઠાકરના નેતૃત્વમાં યોજાઈ હતી.

જે તે મીટીંગમાં કુલ ૧૯ સભ્યોની કારોબારી કમિટી બની હતી. જેમાં કુલ ૦૫ હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી. જેમાં હોદ્દેદારો અને કમિટી સભ્યોના નામ નીચે મુજબ છે.

(૧) પ્રમુખશ્રી – જીતેન્દ્રભાઈ એ. જોષી (૨) મંત્રીશ્રી – વિક્રમભાઈ બી. દવે (૩) ઉપપ્રમુખશ્રી – હરેશ એમ. દવે (૪) સહમંત્રીશ્રી – દિપકભાઈ બી. વ્યાસ (૫) ખજાનચીશ્રી – અજયકુમાર એમ. દવે ની સર્વાનુમતે નિયુક્તી કરવામાં આવી.

કારોબારી સભ્યોશ્રીના નામ નીચે મુજબ છે.

(૬) શ્રી બળવંતભાઈ બી. ડોળીયા (૭) શ્રી સંદીપભાઈ પી. ઠાકર (૮) શ્રી શશીકાન્તભાઈ એમ. ઠાકર (૯) શ્રી અતુલભાઈ એ. દવે (૧૦) શ્રી ભાસ્કરભાઈ સી. ઠાકર (૧૧) શ્રી પંકજભાઈ એચ. વ્યાસ (૧૨) શ્રી રાજેશભાઈ એમ. દવે (૧૩) શ્રી સાગર વાય. દવે (૧૪) શ્રી આકાશભાઈ એચ. જોષી (૧૫) શ્રી મનીષભાઈ એસ. જોષી (૧૬) શ્રી નીરવભાઈ પંડ્યા (૧૭) શ્રી રવિ એચ. ભટ્ટ (૧૮) શ્રી સંજયભાઈ એન. દવે (૧૯) શ્રી કિરીટભાઈ જી. શુકલ

શ્રી બાજખેડાવાળ સમાજ છેલ્લા ૪૩ વર્ષથી સક્રીય કામગીરી કરી રહ્યો છે. જેમાં વિદ્યાર્થીઓના વિકાસનું કાર્ય, વિદ્યાર્થીઓ માટે નોટબુક પ્રોજેક્ટ તથા સ્વ. લક્ષ્મીબા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શિષ્યવૃતિનું કાર્ય તથા શ્રી સોજીત્રા રામનાથ મહાદેવ ટ્રસ્ટ દ્વારા લઘુરૂદ્ર યજ્ઞનું કાર્ય ખુબ સારી રીતે થતું આવ્યું છે.

તદ્ઉપરાંત શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ સ્મશાનનું પણ સંચાલન કરે છે. જેમાં દરેક હિંદુ સમાજ ઉપયોગ કરી રહ્યા છે. ઉપરોક્ત આ સર્વે કાર્યો ખૂબ સુચારૂ રૂપે ચાલે તે માટે શ્રી રામનાથ મહાદેવના ચરણોમાં પ્રાર્થના.

| જીતેન્દ્રભાઈ એ. જોષી | વિક્રમભાઈ બી. દવે | હરેશ એમ. દવે |
|---|---|---|
| પ્રમુખ | મંત્રી | ઉપપ્રમુખ |

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. ફોન ૦૨૬૯૨–૨૪૪૨૧૨

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ દ્વારા તા. ૨૩–૦૯–૨૫ મંગળવારના રોજ નવરાત્રી પર્વમાંની શક્તિ ભક્તિ ઉત્સાહથી ગરબાનું આયોજન કરવામાં આવેલ. જેમાં બહેનો તથા નાની બાળાઓ એ–રમઝટ સંગીતના સુર–તાલ સાથે ગરબાની મજા માણી. ગરબા માટે બેસ્ટ એક્સન ડ્રેસીસના પરફોર્મન્સ માટે નાની દીકરીઓ તથા માતાઓને ઉપપ્રમુખ ગીતાબેન હેમંતભાઈ શુકલ દ્વારા વિવિધ ઈનામો આપવામાં આવેલ. આ સાથે ગરબે ઘુમતી કારોબારીની બહેનોને પણ પ્રોત્સાહન ઈનામ તેઓ તરફથી આપેલ. ગરબા માટે સાઉન્ડ સિસ્ટમના દાતા શ્રી

દક્ષાબેન સુધીરભાઈ પંડ્યા. વસુધાબેન એસ. પંડ્યાએ નાની દીકરીઓને રૂ. ૧૦૦/–ના કવર આપેલ તથા ભારતીબેન એ. ભટ્ટે દરેક દીકરીઓને રૂ. ૫૦/– ભેટના કવર આપેલ. માયાબેન દવેએ શીવન્યા દવેની બેસ્ટ પરફોમન્સનું પ્રોત્સાહન ઈનામ રૂ. ૨૦૧/– ભેટ આપેલ. માતાજીના મહાપ્રસાદ તથા આરતી શ્રી રેખાબેન રાજુભાઈ શેલત અન્ય પ્રસાદ, સુમિત્રાબેન યુ. ઠાકર, અમીબેન એ. દણાક તથા ચોકલેટનો પ્રસાદ ધર્મિષ્ઠાબેન એમ. દવે તરફથી. ગરબાના અંતમાં મહિલા મંડળ તરફથી સર્વે બહેનોને ફરાળી ચેવડાનો પેકેટ આપવામાં આવેલ. નવરાત્રી ગરબાના સુંદર આયોજન માટે ગીતાબેન એચ. શુકલ સહીત સર્વે કારોબારી બહેનોનો સાથ સહકાર માટે હૃદયપૂર્વક આભાર.

ત્યારબાદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા દાતાશ્રીઓના સાથ સહકારથી નવરાત્રીની લ્હાણી માટે તા. ૨૫–૯–૨૫ના રોજ લ્હાણી આપવામાં આવેલ. જેમાં નીચે મુજબના સર્વે દાતાશ્રીઓનો હૃદયપૂર્વક વંદન સાથે ખુબ ખુબ આભાર.

(૧) રૂ. ૫૦૦૦/– સ્વ. પ્રિતીબેન મહેશભાઈ દવેના સ્મરણાર્થે હસ્તે મહેશભાઈ દવે–આણંદ, (૨) ક્ષમાબેન જગદીશભાઈ શેલત–આણંદ હાલ યુ. એસ.એ. રૂ. ૫૦૦૦/– (૩) સ્વ. ભદ્રાબેન ચંદુલાલ શુકલના સ્મરણાર્થે હસ્તે ઉપપ્રમુખ–ગીતાબેન હેમંતભાઈ શુકલ–આણંદ રૂ. ૫૦૦૦/– (૪) સ્વ. હરેશકુમાર નિરંજનભાઈ દવેના સ્મરણાર્થે હસ્તે પારૂલબેન એસ. દવે (બરોડા) રૂ. ૫૦૦૦/– (૫) સ્વ. બાળાબેન ભગવતપ્રસાદ જોષીના સ્મરણાર્થે હસ્તે નિતિનકુમાર બી. જોષી (કેનેડા) રૂ. ૫૦૦૦/– (૬) વંદનાબેન હરિકૃષ્ણભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે હસ્તે ડૉ. જીગ્નેશભાઈ એચ. ત્રિવેદી, આણંદ રૂ. ૫૦૦૦/– (૭) સ્વ. અરૂણાબેન નરેન્દ્રપ્રસાદ દણાકના સ્મરણાર્થે હસ્તે નિલેશચંદ્ર એન. દણાક (કેનેડા) રૂ. ૫૦૫૫/– (૮) હેતલબેન મિતેશભાઈ યુ.એસ.એ., હસ્તે દક્ષાબેન જે. ખંભોળજા રૂ. ૨૦૦૦/– (૯) રેખાબેન રાજુભાઈ શેલત રૂ. ૧૦૦૦/– (૧૦) પ્રેમીલાબેન આર. દવે હસ્તે સોનલબેન શુકલ રૂ. ૧૦૦૦/– (૧૧) જ્યોત્સનાબેન એમ. દવે રૂ. ૫૦૦/– (૧૨) ધનુબેન જે. ધ્યાની રૂ. ૫૦૦/– (૧૩) લોપાબેન એ. ભટ્ટ રૂ. ૫૦૦/– (૧૪) ભારતીબેન અનિલભાઈ ભટ્ટ રૂ. ૫૦૧/– (૧૫) જ્યોતિકાબેન જયનારાયણ શુકલ રૂ. ૫૦૦/– (૧૬) અન્ય જ્ઞાતિજનો રૂ. ૬૫૨/–

લ્હાણી વિતરણ માટે સર્વે કારોબારી સભ્યો માટે માયાબેન કે. દવે તથા રીટાબેન એમ. ધગટના જન્મદિવસ નિમિત્તે પ્રિતીભોજન કરાવેલ. આ સાથે સર્વે બહેનો માટે બપોરની ચ્હા–કોફી માટે સહયોગી શ્રી ભારતીબેન મનહરભાઈ દવે. સમગ્ર મહિલા મંડળના સાથ – સહકારથી તથા દાતાશ્રીઓના સહયોગથી સમગ્ર કાર્યક્રમ માટે સૌનો આભાર. અમેરિકાથી વડીલ અધ્યક્ષ ડૉ. વનલતાબેન ભટ્ટના આશીર્વાદ પ્રમુખ પાયલબેન દવે તથા સર્વે કારોબારી સભ્યોના જય માતાજી. આગામી નવા વર્ષના સૌને શુભેચ્છા સહ હેપી ન્યુ યર જય અંબે.

| પાયલબેન પી. દવે | ગીતાબેન એચ. શુકલ | રીટાબેન એમ. ધગટ |
|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી |

**સર્વે કારોબારી સભ્યો**

## ધી અમદાવાદ બાજખેડાવાળ એજ્યુકેશન એન્ડ કલ્ચરલ સોસાયટી

શ્રી પ્રાણશંકરભાઈ હોલ, પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

**થઈ ગયેલ કાર્યક્રમ :**

**મેડીકલ કેમ્પ**

શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, અમદાવાદ દ્વારા તા. ૨૩–૮–૨૫ને શનિવારના રોજ શ્રી પ્રાણશંકરભાઈ હોલ, કાંકરીયા, અમદાવાદ ખાતે સવારે ૮ થી ૨ દરમ્યાન મહિલા આરોગ્ય વિષયક તપાસ કેમ્પનું આયોજન એચ.સી.એફ. હોસ્પિટલના સહયોગથી કરવામાં આવેલ આ મેડિકલ કેમ્પમાં અદ્યતન મશીન દ્વારા મહિલાઓમાં થતા સ્તન કેન્સર અને ગર્ભાશયના મુખના કેન્સરની તપાસ કરવામાં આવેલ. આ કેમ્પમાં નિષ્ણાત મહિલા ડૉ. માયાબેન બેન્કર દ્વારા મહિલા રોગો વિશેની વિસ્તૃત સમજ તથા તપાસ વિના મૂલ્યે કરવામાં આવેલી હતી. આ મેડિકલ કેમ્પમાં આશરે ૩૫ બહેનોએ લાભ લીધેલ ત્યારબાદ સૌ બહેનોએ ચ્હા–કોફી અને નાસ્તાનો આનંદ માણી છુટા પડેલ.

| | |
|---|---|
| **કમલેશ જે. ભટ્ટ** | **ઉદયભાઈ એચ. ભટ્ટ / ગીનીબેન એમ. પંડ્યા** |
| **પ્રમુખ** | **મંત્રી** |

---

## શ્રી બાજખેડાવાળ મંડળ – આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

**૩૨મો સમુહ જનોઈ – (માતા વગરના)**

| | | |
|---|---|---|
| તારીખ | – | ૨૨–૦૨–૨૦૨૬ને રવિવાર |
| સમુહ જનોઈ પ્રારંભ | – | સવારે ૯.૦૦ કલાકે |
| બડવો રૂઠો | – | સાંજે ૪.૦૦ કલાકે |
| મુખ્ય યજમાન | – | ૧ રૂ. ૬૦૦૦/– |
| સહ યજમાન | – | ૫ રૂ. ૩૫૦૦/– |

વહેલા તે પહેલાના ધોરણે જનોઈના પૈસા તથા નાસ્તા તથા ભોજન પાસના પૈસા એક સાથે ભરવાના રહેશે.

બટુક દીઠ ૨૫ આમંત્રણ કાર્ડ ફ્રી મળશે વધારાના આમંત્રણ કાર્ડ માટે એક નંગના રૂ. ૧૦/– લેખે આપવાના રહેશે. સવારના નાસ્તાના પ્રત્યેક પાસના રૂ. ૫૦/– તથા બપોરના ભોજનના પ્રત્યેક પાસના રૂ. ૧૮૦/– ભરવાના રહેશે. પૈસા ભરેથી અનુક્રમ નંબર આપવામાં આવશે. **(બટુકને કોઈપણ નાસ્તા કે ભોજન પાસ ફ્રી આપવામાં આવતા નથી જેની નોંધ લેશો.)** સંસ્થા તરફથી શાલ, ધોતિયુ, ખેસ, નેપકીન, આચમની, તરભાણું, લોટો, પ્યાલો બટુકને આપવામાં આવશે.

**વાલીઓને લાવવાની વસ્તુઓ**

(૧) વાનાના લાડુ નંગ – ૫ (૨) ગણપતિની નાની ગોટી નંગ–૫ (૩) માતા–પિતાના પુજાના વાસણ – નેપકીન – આસન યજમાને લાવવાના રહેશે.

**ખાસ નોંધ –**

(૧) મોસાળ સિવાયની ભીક્ષા કે ભેટ–ચાંલ્લો લેવાનો નથી તે સમજીને બુકીંગ કરાવશો. (૨) પાંચ વર્ષથી ઉપરના બાળકોના નાસ્તા તથા ભોજન પાસ લેવા ફરજીયાત છે. (3) દરેક બટુકે ચૌલક્રિયા (મુંડન) કરાવવું ફરજિયાત છે. (૪) છેલ્લી મિનીટે એટલે કે પ્રસંગના દિવસે વધારાના નાસ્તા કે ભોજન પાસ આપવામાં આવશે નહીં. જેની નોંધ લેશો.

**ખૂબ જ અગત્યની સુચના –**

સમુહ જનોઈમાં ભાગ લેતા વાલીઓને જણાવવાનું કે, આપ જે દિવસે નામ નોંધાવવા આવો તે દિવસે નાસ્તો તથા ભોજનના પાસના પૈસા ભરવાના રહેશે. જેની ખાસ નોંધ લઈ તમો યોગ્ય વ્યવસ્થા કરીને જ આવશો.

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**ફાલ્ગુન ઠાકર** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

---

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ – નડીયાદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડિયાદ

(મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ દ્વારા દર વર્ષ (દશેરા) બાજખેડાવાળ મહિલા સમાજનો સ્થાપના દીન તારીખ–૨–૧૦–૨૫ ગુરૂવારના રોજ હોવાથી ગરબા હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજની નાની–મોટી બહેનો–દીકરીઓ એ ભાગ લઈ ગરબાની રમઝટ માણી હતી. જેમાં વેલડ્રેસ અને વેલ એક્શન એમ બે ઈનામો પાંચ–પાંચ વિભાગમાં આપવામાં આવ્યા હતા.

શ્રી બાજખેડાવાળ સમાજના પ્રમુખ ઉમેશભાઈ ઢગટ તથા વયસ્ક મંડળના પ્રમુખ તથા મહિલા સમાજના પ્રમુખ મંત્રી કારોબારી તથા સલાહકારો અન્યએ ભાગ લીધો હતો અને સૌના ઉત્સાહને વધાર્યો હતો. દશેરાના દાતાશ્રી કાંતિભાઈ કોટડીઆ તરફથી દર વર્ષની જેમ આ વર્ષે દશેરામાં રૂ. ૧૧૦૦૦/– ભેટ મળેલ છે. તેમજ દીવ્યાબેન તૃપ્તિબેન – ભારતીબેન તથા સ્વ. ડૉ. હંસાબેન સ્વ. સુમનબેન નલિનભાઈ તથા ભાવનાબેન ઠાકર આ તમામ દાતાઓના ફંડમાંથી ગરબે રમતી–ફરતી સૌને લ્હાણી આપવામાં આવે છે.

સૌ પ્રસાદ લઈ અલ્પાહર કરી છુટ્ટા પડ્યા સૌનો મહિલા સમાજ ખૂબ ખૂબ આભાર માને છે.

**વિભાગ–૧ – ૫ થી ૧૨ વર્ષ**

(૧) વેલ એક્શન – (૧) પીહુ રીકેશ દવે (૨) રૂહી હીરેન ભટ્ટ (3) મેશ્વા ધવલ પંડ્યા

(૨) વેલ ડ્રેસ – (૧) દીયા અંકિત શેલત (૨) નવ્યા અંકિત શેલત

**વિભાગ–૨ – ૧૩ થી ૨૫ વર્ષ**

(૧) વેલ એક્શન – (૧) ખુશ્બુ ભરતકુમાર દવે

(૨) વેલ ડ્રેસ – (૧) રિદ્ધી પુનિતભાઈ દવે (૨) હીર રોશનકુમાર દવે

**વિભાગ–૩ – ૨૬ થી ૪૦ વર્ષ**

(૧) વેલ એક્શન – (૧) કામિની જુગલભાઈ દવે (૨) રિદ્ધી ગૌરવકુમાર તરવાડી (૩) જલ્પાબેન રશેષભાઈ ઠાકર

(૨) વેલ ડ્રેસ – (૧) પુનમ ભદ્રભાઈ ત્રિવેદી (૨) શ્રૃતિ રોશનકુમાર દવે (૩) તેજલબેન પાર્થભાઈ દવે

**વિભાગ – ૪ – ૪૧ થી ૫૫ વર્ષ**

(૧) વેલ એક્શન – (૧) પારૂલબેન અમરિશભાઈ દવે (૨) મીનાબેન મયંકભાઈ દવે (૩) પરિભાબેન ટી. શુક્લ

(૧) વેલ ડ્રેસ – (૧) શિલ્પાબેન અશોકભાઈ દવે (૨) સ્તુતિબેન આશિષભાઈ દવે (૩) હીનાબેન દિપલ ત્રિવેદી

**વિભાગ – ૫ – ૫૫ વર્ષથી ઉપર**

(૧) ઉર્વશી સંજય ઠાકર (૨) ભાવનાબેન ગોપાલભાઈ ઠાકર (૩) અલ્કાબેન ગિરીશભાઈ ઠાકર

(૧) પન્નાબેન હેમંતકુમાર જોષી (૨) વર્ષાબેન ધર્મશકુમાર દેસાઈ (૩) ગીતાબેન આર. ઠાકર

તા.ક. સમુહ અગિયારસ તા. ૧૫–૧૨–૨૫ના સોમવારના રોજ રાખેલ છે. તથા સમુહ જનોઈ તા. ૨૨–૨–૨૬ રવિવારના રોજ રાખેલ છે.

**અંજનાબેન દવે** — **પ્રમુખ**

**કોમલ દવે** — **મંત્રી**

**સર્વે કારોબારી બહેનો – બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ – અમદાવાદ

મંગલમ સ્ટોર્સ, ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ–૨૮

(મો.) ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા ગત ઓગષ્ટ માસમાં સામા પાંચમ વ્રત ઉદ્યાપન, ડાકોર, ઉમરેઠ ઈનામ વિતરણ જુલાઈ માસમાં, સપ્ટેમ્બર માસમાં આજો પડવો ધાર્મિકવિધી તથા નવરાત્રી મહોત્સવની ઉજવણી જેવા કાર્યક્રમો યોજવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમમાં જ્ઞાતિના બહેનો મહિલાઓ તથા બાળકો, યુવાન, યુવતીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નવરાત્રી બાદ સંસ્થાને મળેલ ટ્રસ્ટોમાંથી તેમના વ્યાજની રકમમાંથી જ્ઞાતિની દીકરીઓને શૈક્ષણિક ઈનામ વિતરણ કોલેજ ૧૦, ૧૧, ૧૨ તથા ડૉ. ચંદ્રપ્રસાદ ત્રિવેદી પુસ્તક વિતરણ યોજના અંતર્ગત ધો. ૧ થી ૧૨ની દીકરીઓને સરકાર માન્ય પુસ્તકોની કિંમત જેટલી રકમ આપવામાં આવેલ. આ ઉપરાંત શ્રી સ્વ. વિઠ્ઠલરાય જે. ભટ્ટ દ્વારા તેમના ધર્મપત્નીશ્રી મનહરબાળા ભટ્ટના સ્મરણાર્થે સંસ્થાને મળેલ મેડીકલ પારિતોષીક ટ્રસ્ટ ૨૦૧૭ અંતર્ગત જ્ઞાતિની એમ.બી.બી.એસ. કરતી દીકરીઓને આ ટ્રસ્ટના વ્યાજમાંથી ઈનામ આપવામાં આવે છે. આ

દરેક લાભ અમદાવાદ–સ્થિત દીકરીઓને મળે છે.

ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમોમાં અમારી સંસ્થાને સમાજના દાતાશ્રીઓ તરફથી સતત દાન મળતું રહે છે. જે આ મુજબ છે.

**સામા પાંચમ ભેટ**

(૧) શ્રી વૈશાલીબેન હેતલકુમાર ભટ્ટ રૂ. ૧૨૦૦૦/– (૨) શ્રી શૈલજાબેન હીમાંશુભાઈ ભટ્ટ રૂ. ૨૧૦૦/– (૩) શ્રી જ્યોતીબેન જોષી રૂ. ૨૫૦૦/– (૪) શ્રી આરતીબેન પ્રફુલભાઈ ઠાકર રૂ. ૧૦૦૦/– (૫) શ્રી જાનકીબેન અંકિત પંડ્યા રૂ. ૫૦૦/–

**નવરાત્રી ભેટ**

(૧) શ્રી કુસુમબેન શૈલેન્દ્ર દવે રૂ. ૫૦૦૦/– (૨) શ્રી મૃગેશાબેન અતુલ દેસાઈ રૂ. ૨૫૦૦/– (૩) શ્રી શૈલેશભાઈ એન. જોષી રૂ. ૨૫૦૦/– (૪) શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ – અમદાવાદ રૂ. ૫૦૦/– (૫) શ્રી હેતલભાઈ બી. ભટ્ટ રૂ. ૫૦૦૦/– (૬) શ્રી દેવીયાનીબેન એમ. દવે રૂ. ૫૦૦/– (૭) શ્રી નયનાબેન પી. દવે રૂ. ૧૦૦૦/– (૮) શ્રી લીનાબેન એમ. ડણાક રૂ. ૫૦૦/– (૯) શ્રી નયનાબેન અરૂણભાઈ શેલત રૂ. ૫૦૦/– (૧૦) શ્રી શોભનાબેન રાજેન્દ્ર ઠાકર રૂ. ૧૦૦૦/– (૧૧) શ્રી દીનાબેન રાજેશભાઈ ત્રિવેદી રૂ ૧૦૦૦/– (૧૨) શ્રી જયેશભાઈ હરીવદનભાઈ ત્રિવેદી પરિવાર હસ્તે શશાંક ત્રિવેદી (અન્નપૂર્ણા સહાય) રૂ. ૧૦૦૦/– (૧૩) શ્રી નયનાબેન ભટ્ટ (અન્નપૂર્ણા સહાય) રૂ. ૫૦૦/–

**અન્નપૂર્ણા સહાય યોજના**

અમારી સંસ્થા દ્વારા ડાકોર–ઉમરેઠ સ્થિત જ્ઞાતિના જરૂરીયાતમંદ ભાઈ–બહેનોને દર ત્રણ મહીને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી આપવામાં આવે છે. આ માટે અમોને સમાજના ઉદાર દાતાશ્રીઓ આ મહિને દીવાળી નીમીત્તે જ્ઞાતિબંધુઓને મીઠાઈ ફરસાણ આપવામાં આવેલ જેના દાતાશ્રીઓ નીચે મુજબ છે. આ સર્વે દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

(૧) શ્રી શોભન એસ. વૈદ્ય (પંડ્યા) રૂ. ૧૧૧૧૧/– (મોહનથાળ) (૨) શ્રી બેલાબેન વસંતભાઈ શુકલ રૂ. ૯૦૦૦/– (જાડા મઠીયા) (૩) શ્રી અર્પણ સુનીલભાઈ દવે રૂ. ૪૦૦૦/– (પાપડી) (૪) શ્રી વૈશાલીબેન હેતલકુમાર ભટ્ટ રૂ. ૩૭૪૦/– (મઠીયા) (૫) ચિ. વિહાન્સીના જન્મદીન નિમીત્તે શ્રી વિધીબેન કોટડીયા તરફથી રૂ. ૧૫૦૧/– (૬) શ્રી વિજયભાઈ હરીહરરાય ઠાકર રૂ. ૧૧૧૦૧/– (૭) શ્રી રમેશભાઈ મનુભાઈ દવે રૂ. ૧૧૦૦૦/– (૮) શ્રી ભરતભાઈ અંબાલાલ દવે રૂ. ૧૧૦૦૦/– (૯) શ્રી ભરતભાઈ પંડ્યા રૂ. ૧૦૦૦૦/– (૧૦) શ્રી સ્વ. મંજુલાબેન પ્રફુલચંદ્ર ઠાકરના શ્રાદ્ધ નિમિત્તે હસ્તે માલતીબેન ઠાકર રૂ. ૧૦૦૦૦/– (૧૧) શ્રી ચિ. ધૃતિ કિરણકુમાર દવે રૂ. ૫૫૧/– (૧૨) સ્વ. પ્રભાવતીબેન રવિન્દ્રભાઈ ત્રિવેદીના સ્મરણાર્થે હસ્તે – રવિન્દ્રભાઈ એન. ત્રિવેદી રૂ. ૧૫૫૦૧/–

**દર્શનાબેન ભટ્ટ** — **પ્રમુખશ્રી**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **મંત્રીશ્રી**

નામ : કુ. મૈત્રી વિજયકુમાર દવે ઊંચાઈ : ૫'–૧'' વજન : ૬૫ કિલો

જન્મતારીખ : ૨૫–૦૬–૨૦૦૧ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૯.૪૪ રાત્રે

અભ્યાસ : બી.એસ.સી. નર્સીંગ, ઇંગ્લીશ મીડીયમ

મૂળવતન : અમદાવાદ વ્યવસાય : નોકરી

માસિક આવક : રૂ. ૪૦,૦૦૦/–

ગોત્ર : ઉપનસ


રાશિ : સિંહ

નક્ષત્ર : મઘા

નાડી : અંત્ય

માતાનું નામ : અલ્પાબેન દવે

ભાઈ/બહેન : નથી




પિતાનું નામ : વિજયકુમાર ચીમનલાલ દવે

સરનામું : એ–૨૫૮, કમલસાગર કો. ઓ. હા. સો. લી., કેડીલા લેબ પાસે, ભગીરથ સોસાયટી પાછળ, ઘોડાસર, મણીનગર, અમદાવાદ–૫૦

ફોન/મોબાઈલ : ૯૮૭૯૮૪૬૨૧૯ (પિતા), ૯૪૨૮૪૧૧૦૧૯ (માતા)

---

નામ : ચિ. નીશીત વ્રજેશભાઈ દવે ઊંચાઈ : ૫'–૧૧'' વજન : ૭૦ કિલો

જન્મતારીખ : ૨૨–૦૪–૨૦૦૦ જન્મસ્થળ : ૧૧.૪૮સવારેજન્મસમય : અમદાવાદ

અભ્યાસ : સી.એ., ઈન્ટર, એમ.કોમ., સી.પી.એ. ચાલુ

મૂળવતન : મહુધા વ્યવસાય : નોકરી

માસિક આવક : –

ગોત્ર : ભારદ્વાજ


રાશિ : વૃશ્ચિક

નક્ષત્ર : જયેષ્ઠા–૧

નાડી : આધ્ય

માતાનું નામ : દિપલબેન દવે

ભાઈ/બહેન : નથી





પિતાનું નામ : વ્રજેશભાઈ દેવેન્દ્રભાઈ દવે


સરનામું : બી–૭૦૨, રત્ના પેરેડાઈઝ, શાલીગ્રામ લેકવ્યુની સામે, વૈષ્ણવદેવી સર્કલ પાસે, અમદાવાદ–૩૮૨૪૭૦

ફોન/મોબાઈલ : ૯૮૯૮૭૮૦૦૦૯, ૯૮૯૮૦૪૯૪૮૬


| | | |
|---|---|---|
| Name | : | Chi. Jay Hiteshkumar Pandya |
| Height | : | 5’-9’’ |
| Weight | : | 52 Kg. |
| Birth Date | : | 09-03-2002 |
| Birth Time | : | 05.17 p.m. |
| Birth Place | : | Nadiad (Kheda) |
| Education | : | M.Tech in Computer Engineering (DDU Nadiad)<br>PHD Pursuing in Computer Engineering |
| Profession | : | Job |
| Annual Income | : | Rs. 5.5 Lakhs |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Pauraviben Hiteshkumar Pandya |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Romeshkumar Bhanuprasad Joshi-Nadiad |
| Father | : | Hiteshkumar Babubhai Pandya |
| Address | : | F-146, Gate No. 3, Chatinya Township,<br>Opp. Amin Auto Agencies, Juna Mogri Road,<br>Anand-388001 |
| Mobile No. | : | 9925929976 (Father) |
| E-mail | : | jpandya335@gmail.com |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | Well Educated & Cultured |
| Gotra | : | Kundilasa |
| Nakshatra | : | Uttarsadha |
| Rashi | : | Makar |
| Nadi | : | Antya |
| Gan | : | Manusya |
| Varna | : | Vaisya |
| Yoni | : | Nakul |
| Varg | : | Sinh |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Nilay Ronak Dave (Live in USA) |
| Height | : | 5’-10’’ |
| Weight | : | 72 Kg. |
| Birth Date | : | 15-03-2001 |
| Birth Time | : | 09.45 p.m. |
| Birth Place | : | Anand |
| Education | : | Cybersecurity Analyst / Ethical hacking |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Ahmedabad |
| Mother Name | : | Panna Ronak Dave |
| Borther/Sisters | : | No |
| Maternal Place | : | - |
| Father | : | Ronak Natvarlal Dave |
| Address | : | 11/116, Poojan Appartment, B/h., Jivraj Mehta Hospital, Jivraj Park Road, Vasna, Ahmedabad-7 |
| Phone No. | : | 9879609270 - Father, 9712909270-Mother |
| Mobile No. | : | - |
| E-mail | : | nilayd2001@gmail.com |
| Contact | : | - |
| Address | : | - |
| Phone | : | - |
| Choice | : | I.T., Engineer, Data Science, Doctor, Dentist, C.S., C.A. |
| Gotra | : | Paunas |
| Nakshatra | : | Jyestha |
| Rashi | : | Scorpio |
| Nadi | : | Aadhy |
| Gan | : | Danev |
| Varna | : | Brahmin |
| Yoni | : | Mrug |
| Varg | : | Shrp |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Dhruv Hirenkumar Pandya |
| Height | : | 6’-00’’ |
| Weight | : | - |
| Birth Date | : | 02-02-2000 |
| Birth Time | : | 06.45 p.m. |
| Birth Place | : | Vadodara |
| Education | : | Diploma Electronics B.E. in Electrical Enginering |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 2,00,000/- |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Manishaben Pandya |
| Borther/Sisters | : | 1-Brother |
| Maternal Place | : | Vadodara |
| Father | : | Hirenkumar Girishchandra Pandya |
| Address | : | 14/21, Revaba Park Society, Rly Station Road, Karamsad, Anand-388325 |
| Phone No. | : | 9033399765 |
| E-mail | : | - |
| Contact | : | H. G. Pandya |
| Address | : | 14/21, Revaba Park Society, Rly Station Road, Karamsad, Anand-388325 |
| Phone | : | 9093399765 |
| Choice | : | - |
| Note | : | - |
| Gotra | : | ભારદ્વાજ |
| Nakshatra | : | હર્ષલ |
| Rashi | : | ધન |
| Nadi | : | મધ્ય |
| Gan | : | ક્ષત્રિય |
| Varna | : | સર્પ |
| Yoni | : | મનુષ્ય |
| Varg | : | સર્પ |




| | | |
|---|---|---|
| Name | : | Chi. Vatsal Snehalkumar Dave |
| Height | : | 6’-2’’ |
| Weight | : | 90 Kg. |
| Birth Date | : | 10-07-1999 |
| Birth Time | : | 08.35 p.m. |
| Birth Place | : | Petlad |
| Education | : | M.tech in Cyber Security |
| Profession | : | Job |
| Monthly Income | : | Rs. 55,000/- |
| Native Place | : | Vaso |
| Mother Name | : | Rupal S. Dave |
| Borther/Sisters | : | 1-Sister |
| Maternal Place | : | Sojitra |
| Father | : | Snehalkumar H. Dave |
| Address | : | 59, Asthadarsan Bunglows, B/h. Palikanagar, Anand, Gujarat |
| Phone No. | : | 9316066338 |
| Mobile No. | : | - |
| E-mail | : | rupaldave9316@gmail.com |
| Contact | : | Rupal S. Dave |
| Address | : | 59, Asthadarsan Bunglows, B/h. Palikanagar, Anand, Gujarat |
| Phone | : | 9316066338 |
| Choice | : | Educated and Family Oriented |

| | | |
|---|---|---|
| Gotra | : | Paunas |
| Nakshatra | : | Rohini |
| Rashi | : | Taurus |
| Nadi | : | Antya |
| Gan | : | Manushya |
| Varna | : | Vaisya |
| Yoni | : | Sarpa |
| Varg | : | Garud |



નામ : ચિ. વિક્રમભાઈ રવિશંકર ઠાકર
ઊંચાઈ : ૫'–૮''
વજન : ૬૫ કિલો
જન્મ તારીખ : ૨૭–૧૨–૧૯૮૬
જન્મ સમય : ૧૨.૫૦ દિવસે
જન્મ સ્થળ : આણંદ
અભ્યાસ : ૧૨ ધોરણ
વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૧૭૦૦૦/–
મૂળ વતન : ઉમરેઠ
માતાનું નામ : હર્ષાબેન વિક્રમભાઈ ઠાકર
ભાઈ/બહેન : નથી
મોસાળ : અમદાવાદ
પિતા : વિક્રમભાઈ રવિશંકર ઠાકર
સરનામું : એ–૬, છોટાકાકા પાર્ક સોસાયટી, કેડીલા બ્રીજ પાસે,
જગદીશ બસ સ્ટેન્ડ, દિપમાલા બંગલો સામે, ઘોડાસર, અમદાવાદ
મોબાઈલ નં. : ૯૬૮૭૮૫૫૧૦૧
ઈ–મેઈલ : –
સંપર્ક : દક્ષાબેન એચ. ભટ્ટ
સરનામું : એ–૬, છોટાકાકા પાર્ક સોસાયટી, કેડીલા બ્રીજ પાસે,
જગદીશ બસ સ્ટેન્ડ, દિપમાલા બંગલો સામે, ઘોડાસર, અમદાવાદ
ફોન નંબર : ૮૭૫૮૫૩૯૦૨૦
પસંદગી : સંસ્કારી, કુટુંબ ભાવનાવાળી, ઘર સંભાળી શકે તેવા આવકાર્ય
છુટાછેડા વાળા આવકાર્ય છે.
નોંધ : –

ગોત્ર : શાંડિલસ
નક્ષત્ર : વિશાખા
રાશિ : તુલા
નાડી : અંત્ય
ગણ : અસુર
વર્ણ : શુદ્ર
યોનિ : વ્યાઘ્ર
વર્ગ : સર્પ



# એક ૧૦૦ ગ્રામ ગાઠીયા

અચાનક.....મેં કાર ને બ્રેક મારી...

મારાથી બુમ પડાઈ ગઈ ઓ દાદા રસ્તા વચ્ચે મરવા નીકળ્યા છો ? આવી રીતે રોડ ક્રોસ થાય ?

અચાનક બ્રેકના મોટા અવાજ માત્રથી દાદા નીચે પડી ગયા.

હું નીચે ઉતર્યો દાદાનો હાથ પકડ્યો. દાદાનો હાથ ગરમ ગળે ને માથે હાથ મુક્યો એ પણ એકદમ ગરમ દાદા તાવથી ધ્રુજતા હતા. મને મારા બોલવા ઉપર પસ્તાવો થયો.

મેં દાદાનો હાથ પકડી કારમાં બેસાડ્યા. દાદા આટલો તાવ હોવા છતાં રસ્તા વચ્ચે એકલા કેમ નીકળો છો.

અત્યારે જ મારી સાથે દવાખાને ચાલો અને તમારા પરિવારના કોઈ સભ્યનો નંબર આપો હું તેને દવાખાને બોલાવી લઉં.

દાદા ભીની આંખે મારી સામે જોતા રહ્યા.

મેં કીધું દાદા એકલા રહો છો ?

હા, એટલું જ બોલ્યા.

પરિવારમા કોઈ ?

કોઈ નથી ? પત્ની હતી પણ વર્ષ પહેલાં આકાશ સામે હાથ કરી બોલ્યા.

હું અમારા ફેમિલી ડૉક્ટર પાસે લઈ ગયો.

ડૉક્ટર મારી સાથે દાદાને જોઈ બોલ્યા પંડ્યા દાદા. આરામ કરવાનું કીધુ હતું. ફરીથી એકલા બહાર નીકળ્યા ?

મેં ડૉક્ટર સામે જોઈ કીધુ તમે ઓળખો છો દાદાને ?

હા સારી રીતે હું તેમનો પણ ફેમિલી ડૉક્ટર છું. આતો અમારા પંડ્યાદાદા છે.

ડૉક્ટર દાદાનો તાવ માપી કીધુ દાદાની ઉમ્મર પ્રમાણે દાખલ કરવા હિતાવહ લાગે છે.

પણ તેનો પરિવાર ને પૂછવું પડે મેં કીધું.

ડૉક્ટર તેની રૂમની અંદર મને લઈ ગયા અને કીધુ દીકરો વહુ છે પણ તેમનાથી જુદા થઈ ગયા છે.

દાદાને ગાંઠિયા બહુ ભાવે છે દીકરો વહુ ગાંઠિયા લાવે નહીં. ઝાડા થશે તો કોણ સાફ કરશે. એવી દલીલો કરે ઘડપણ છે. જુદું જુદું ખાવાની ઈચ્છા પણ થાય. દાદાને અઠવાડીયામાં બે વખત ગાંઠિયા જોવે જ એ પોતાની જાતે વ્યવસ્થા કરી ગાંઠિયા ખાઈ લેતા ત્યાં સુધી વાંધો ન હતો.

એક દિવસ દીકરો વહુ બોલ્યા. તમારી તમામ મિલ્કતો અમારે નામે કરી દયો. હવે તમારી ઉમ્મર થઈ છે.

દાદા એ કીધુ. અમે મરી જઇયે પછી મિલકત તમારી જ છે મારા જીવતા એ નહીં બને.

દીકરો કહે કેમ ના બને ?

દાદા કહે તું નોકરીએ લાગ્યો. લગ્ન કર્યા ભણાવીને તૈયાર અમે કર્યો. અત્યારે પગાર

મારા ખાતામાં જમા કરાવે છે કે તારા ખાતામાં ? રોકાણ કે ફિક્સ મારા નામે લે છે કે તારી પત્ની અને બાળકોના નામે ? કોઈ દિવસ મારા માટે ધોતી કે તારી માઁ માટે સાડી લાવ્યો ? જો તું બધું તારા પરિવારનું વિચારતો હોય તો મારે પણ મારૂ કેમ ન વિચારવું ?

બસ આ નાની બાબત ઉપર દીકરા વહુ જુદા થઈ ગયા. એક વર્ષ પહેલાં તેમના પત્ની ગુજરી ગયા. દાદા એકલા પડી ગયા.

આમ તો હું કોઈ ના ઘરે વિઝીટમાં નથી જતો પણ દાદાનો ફોન આવે એટલે કામ પડતા મૂકી હું તેમની તબિયત જોવા જતો કારણ કે તમણે મારા ઉપર વિશ્વાસ મુક્યો હતો.

ડોક્ટર દાદા સામે જોઈ બોલ્યા દાદા ગાંઠિયા ખાવા બહાર નીકળ્યા હતા ?

દાદા આવા તાવમા પણ હસી પડ્યા.

હું બાજુમાં ગયો માથે હાથ ફેરવી કિધું પછી ગાંઠિયા ખાધા કે નહીં ? ગાંઠિયાનો તાવ હોય તો કહો હું લઈ આપું.

દાદા એ મારો હાથ પકડી કીધુ. બેટા ૧૦૦ ગ્રામ.

મેં ડોક્ટર સામે જોયું.

ડોક્ટર સાહેબ હસીને મને હા પાડી. એમણે દાદાને અંદરના રૂમમાં સુવાડી ઇંજેક્શન આપ્યું અને કહ્યું, આરામ કરો ત્યાં સુધીમા પ્રતિકભાઈ ગાંઠિયા લઇ આવે.

હું ઝડપથી ગાંઠિયા લેવા ગયો. ગાંઠિયા લઈને હું પાછો આવ્યો. ડોક્ટર મારી રાહ જોતા હતા. હું દોડી અંદર ગયો. ડોક્ટર કહે રેહવા ધો પ્રતિકભાઈ.

મેં કીધું કેમ શુ થયું ?

સાહેબ, દાદા હવે આ દુનિયામાં નથી રહ્યા. મારા હાથમાંથી ગાંઠિયાનું પેકેટ નીચે પડી ગયું.

ફક્ત એક કલાકના અજણયા સંબંધો હતા છતાં પણ હું મારા આંસુને રોકી શક્યો નહીં. જે માઁ બાપે પોતાની જાત સંતાનો પાછળ ઘસી નાખી હોય. એ આવી રીતે ઘડપણમા તેમને તરછોડી કઈ રીતે જઈ શકતા હશે ?

મેં ઑફિસે ફોન કરી.કીધુ. આજે મારા દાદાનું શ્રાદ્ધ છે. હું ઑફિસે નહીં આવી શકું.

ડોક્ટર સાહેબ બોલ્યા ભાઈ પ્રતિક તેં એક માનવતાનું કામ કર્યું છે. આજે મારૂ દવાખાનું પણ દાદાના માનમા બંધ રહેશે.

ડોક્ટર સાહેબ બોલ્યા. પ્રતિકભાઈ તેમનો અંતિમ સંસ્કાર કરવાનો આપણો કાયદાકીય અધિકાર નથી. તેમના પુત્રનો મોબાઈલ નંબર મારી પાસે છે આપણે તેને જાણ કરી દઈએ.

અગત્ય ની વાત એ છે. દાદાએ તેમના વકીલનો નંબર ડોક્ટર સાહેબને આપીને ગયા હતા અને કીધુ હતું. મારા દેહાંત પછી મારી અંતિમ ઈચ્છાઓ પ્રમાણે વિલ મેં બનાવ્યું છે. તે ઈચ્છા પૂરી કરવાની જવબદારી ડૉક્ટર સાહેબ તમારી છે. મારો મૃત્યુ પછી વકીલ તમને ફોન કરશે.

દાદાના વિલ પ્રમાણે તેમની મિલકતનો ૭૫% હિસ્સાની રકમમાંથી એક ગાંઠિયા અને ચા ની દુકાન ખોલવી ત્યાં રોજ ઘરડા અને ગરીબ વ્યક્તિને મફતમા ચા અને ગાંઠિયા મળે તેવી વ્યવસ્થા કરવી. ગાંઠિયાની દુકાનનું નામ મારા અને મારી પત્ની નામ ઉપરથી રાખવું. બાકીના

બચેલ ૨૫% રકમમાંથી ગરીબ વ્યક્તિઓને તમારે દવા આપવી.

મેં કીધું વાહ દાદા વાહ

મિત્રો : આનું નામ સાચું દાન મંદિર મસ્જિદ કે ધાર્મિક સ્થાન કે આશ્રમોને રૂપિયાની જરૂર નથી. જરૂર સમાજને છે.

જે પરિવારને આપણું મોઢું જોવું પણ ગમતું ન હોય ઘડપણમાં એકલા મૂકીને જવામાં દયા ભાવ કે શરમ સંકોચ ન હોય તેની સાથે વ્યવહાર આવો જ હોય.

આપણા મર્યા પછી શ્રાદ્ધ કરવું હોય તો કરે ન કરવું હોય તો કાંઈ નહીં. જીવતા સાચવો.

કેમ કે સ્વર્ગમાં કોઈ ટિફિન વ્યવસ્થા નથી.

મરતી વખતે ગંગાજળની કોઈ જરૂર તેઓને નથી.

ઘરડી વ્યક્તિઓને ભાવતી વસ્તુ તેમના જીવતા આપો.

એટલે એ તૃપ્ત થઇ જશે.

---

૧૨૦ વર્ષના આરે પહોંચેલી ચંદ્રવિલાસની તંદુરસ્તીનું આજ રહસ્ય છે. અન્ય એક આડવાતઃ સૌરાષ્ટ્રના ફાફડા-ગાંઠિયા સારા કે અમદાવાદના એ મુદ્દે સૌરાષ્ટ્ર વાસીઓ અને અમદાવાદીઓ ખૂબ ચર્ચા ચાલે છે.

વેપારીઓએ એક જ સૂરે કહ્યું હતું કે 'અમદાવાદ અને સૌરાષ્ટ્રના ફાફડા અલગ છે. બંન્નેનો ટેસ્ટ અને ખાવાની પદ્ધતિ અલગ છે. ચંદ્રવિલાસ હોટલના માલિક શ્રી જોશી કહે છે. 'સૌરાષ્ટ્રના ફાફડા પાતળા અને અમદાવાદના જાડા અને મજબૂત હોવાનુ કારણ એ છે કે અમદાવાદમાં ફાફડા કઢી સાથે ખાવાના હોય છે. જ્યારે સૌરાષ્ટ્રમાં કઢીનું ચલણ નથી. પાતળા ફાફડા કઢીમાં બોળવાથી તૂટીને કઢીમાં ડુબી જવાનો ભય રહેતો હોવાથી અમદાવાદમાં જાડા અને પ્રમાણમાં મજબૂત ભૂંગળી ફાફડા બને છે. જેથી તેમાં કઢી ભરાઈ શકે. 'વાત આગળ વધારતા તેઓ કહે છેઃ 'ફાફડામાં અમે સતત ત્રણ દિવસ શેકીને પાપડિયો ખારો(ખાવાનો સોડા) નાખતા હોઈએ છીએ.' ઓસ્વાલના હિરાભાઈ કહે છે, 'ફાફડામાં અમે ચાર દિવસ શેકીને પાપડિયો ખારો નાખીએ છીએ જ્યારે સૌરાષ્ટ્રમાં ખારો સીધો જ નાખવામાં આવે છે. સોડા શેકવાથી તેનો કાર્બન ઊડી જાય છે અને ફાફડાની ભૂંગળી વળવામાં મદદરૂપ થાય છે' જ્યારે સૌરાષ્ટ્રના રૂષભભાઈ કહે છેઃ 'સૌરાષ્ટ્રના ફાફડામાં ખારાનું પ્રમાણ અમદાવાદી ફાફડા કરતા અડધું હોય છે અને મોણ વધારે પ્રમાણમાં નંખાય છે અને તેને ખુબ જ મસળવામા આવે છે. જેના કારણે ફાફડા પાતળા બને છે.'

??હવે વાત કરીયે એવા જ એક સ્થાપક સ્વ.શાંતિલાલ પટેલની !! તેઓ વિખ્યાત ચેતના હોટલ ના માલિક. રિલીફ રોડ પર આવેલી ચેતના હોટલનો આમ તો મસાલા-ઢોંસો ખૂબ વખણાતો. લોકો સજી-ધજીને આ જ હોટલમાં ખાવા જતા. આ શાંતિભાઈ પટેલે પણ ભાણુંને આધુનિક વાઘા પહેરાવીને ત્રણ પ્રકારની ગુજરાતી થાળીનો પ્રારંભ કર્યો હતો. ત્રણેય ભાવ જુદો-જુદો અને તેમાં મળતી વાનગીઓ ઓછી-વત્તી. શાક-દાળ-ભાત-રોટલીનો વ્યાપ વધ્યો અને થાળી વ્યંજનોથી ભરાઈ ગઈ. સ્વ.ચીમનલાલ જોશીએ પણ ઈ.સ.૧૯૦૦ માં સ્થપાયેલ "ચંદ્રવિલાસ"માં ગુજરાતી થાળીનો પ્રારંભ કર્યો હતો.એ સમયે તેનો ભાવ રાખ્યો હતો ૧ રૂપિયો/

થાળી ! દોડવું'તું ને ઢાળ મળ્યો એમ ગુજરાતીઓને તો ખાવું હતું, અને થાળી મળી! એ જમાનામાં ગુજરાતી થાળી એટલી લોકપ્રિય થઈ હતી કે રાત્રે દસ વાગ્યા સુધી લાઈન રહેતી.ક્યારેક તો 'ચેતના' ના સંચાલકો લાઈનમાં ઊભા રહેલા લોકોને હાથ જોડીને કહેતા કે આજે અમે તમને જમાડી શકીએ તેમ નથી,

કાલે આવજો. જમવા માટે કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેતા ગુજરાતીઓનો જમવાનો પ્રેમ કેટલો તીવ્ર હશે તે આના પરથી સમજી શકાશે. એકને યાદ કરીએ અને બીજાને ભૂલી જઈએ તો તેને ખોટું લાગે. અમદાવાદના ગાંધી રોડ પર આવેલી ચંદ્રવિલાસ લોજનો પણ ત્યારે સુર્વણકાળ હતો. આમ જોઈએ તો ચંદ્રવિલાસ એ અમદાવાદની પ્રથમ રેસ્ટોરાં કહેવાય છે!ચંદ્રવિલાસની દાળ (તુવેરદાળ) ખૂબ વખણાતી. ચંદ્રવિલાસની દાળ લોકો હોંશે હોંશે પીતા. અમદાવાદની પોળોમાં રહેતા લોકો ઘરે બીજી બધી વાનગીઓ બનાવે, દાળ સિવાય. ડોલચું લઈને ચંદ્રવિલાસની દાળ ખરીદવા આવતા. તેનીય લાઈન લાગતી. માત્ર તુવેરદાળ આ રીતે બનેલી તૈયાર વેચાતી હોય તેવી એ પહેલી ઘટના હતી. ઘણાને તો ચંદ્રવિલાસની આ દાળનો એવો જબરજસ્ત ચટાકો લાગતો કે ગુજરાતના પોતાના ગામ કે નગરથી ખાસ ચંદ્રવિલાસમાં જમવા આવતા. 'રતનપોળ'માં કપડાંની ખરીદી કરવી એ પહેલું કામ અને પછી ચંદ્રવિલાસમાં જમવું એ બીજું કામ.

માહિતી સંકલન, સંશોધન અને રજૂઆત : – ડો.કાર્તિક શાહ

---

## NO PUBLICITY ONLY SOLUTION ORIENTED ACTIVITIES

## સેવા નિરંતર

તમામ શાળાઓમાં લેવાતી અને તમામ પાઠ્ય પુસ્તકોના પ્રથમ પાને પ્રતિજ્ઞાનુ પ્રથમ વાક્ય છે...

"ભારત મારો દેશ છે... બધા ભારતીયો મારા ભાઈ–બહેન છે.."

પણ વ્યવહારમાં પ્રગટીકરણ

ગાંધીનગર વિભાગના દસક્રોઈ તાલુકાના કુહા ગામમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની નિયમિત શાખા છે જેમાં બાલ અને તરૂણ સ્વયંસેવકો રાષ્ટ્રભક્તિના રંગથી રંગાઈ રહ્યા છે.

આપણા પરમ પૂજનીય સરસંઘચાલકજીના પ્રવચનમાં ઘણી વાર સાંભળવા મળે છે કે આપણા સમાજને ભગવાન કે સરકારને ઠેકો આપવાની ટેવમાંથી બહાર કાઢવો પડશે. નેતા–નારા–નીતિ–પાર્ટી–સત્તા–સરકાર–અવતાર–વિચાર–મહાપુરૂષ.... ને બદલે સમાજ જ સંગઠિત–સમરસ– પુરૂષાર્થી– આત્મનિર્ભર બને એજ રાષ્ટ્રની તમામ સમસ્યાના નિરાકરણ અને સર્વાગિણ વિકાસની પૂર્વ શરત છે.

આજ દિશાનું એક સુંદર ઉદાહરણ પૂરૂ પાડતી કુહા ગામની શાખાના સ્વયંસેવક શ્રી કરણભાઈ મહીડા વર્ણવે છે કે, ૧૪ જૂન ૨૦૨૫ ના રોજ બપોરે ૩ કલાકે અમને ખબર પડી કે ૧૫ જૂન ના રોજ રાજ્ય સરકારની લોક રક્ષક દળની પ્રવેશ પરીક્ષા હેતુ ૬૦૦ જેટલા નોકરી ઇચ્છુક ભાઈ–બહેનો અમારા ગામમાં આવી રહ્યા છે. જેમાંથી કેટલાક તો રાત્રે જ આવી જશે.

અમારૂ ગામ તો નાનું છે. ગાંધીનગરથી ૪૦ કિમીના અંતરે છે. બે શાળાઓ છે પરંતુ તેમાં જ પ્રવેશ પરીક્ષા હોવાથી તે રોકાયેલ છે. હાઈવે પર એક નાની હોટલ છે અને ગામ હાઈવેથી પણ દોઢ કિમી અંદર છે. અમે થોડા સ્વયંસેવકો ભેગા થયા. આને સમસ્યા ગણવી કે સેવાનો અવસર ગણવો. એવો વિચાર કરવાનો પણ અમારી પાસે સમય નહોતો.

આવી સ્થિતિ હોય તો સંઘના સ્વયંસેવકો શું કરે એક તાત્કાલિક બેઠક કરે અને બેઠક થાય પછી તો વિચારવાનું શું બાકી રહે કેટલા લોકો આવવાના છે. કેટલાની રાત્રિમાં આવવાની સંભાવના છે. તેમાંથી બહેનો કેટલા હશે ભોજન કેટલા કરશે. બહેનોની નિવાસ વ્યવસ્થા અલગ અને સુરક્ષિત રાખવી. રાત્રે મોડેથી આવનારને હાઈવે પર માર્ગદર્શન સવારે બધાની શૌચાલય–સ્નાનની વ્યવસ્થા, ચા–નાસ્તાની વ્યવસ્થા પરીક્ષા પૂર્ણ થયે ભોજન વ્યવસ્થા સુધીનો વિચાર થઈ ગયો.

બસ હવે તેનું અમલીકરણ સૌથી પહેલાં ગામના પ્રવેશ માર્ગે જ "લોકરક્ષક દળની પરીક્ષા માટે ગામમાં ભાઈઓ બહેનો માટે અલગ અલગ રહેવા–જમવાની નિ:શુલ્ક વ્યવસ્થા ગોઠવેલી છે, એવું એક બોર્ડ પર લખી નાખ્યું તેમાં નીચે સંપર્ક નંબર પણ લખ્યા હતા. શ્રી સ્વામીનારાયણ મંદિરના હોલમાં ૨૫ બહેનોની નિવાસ વ્યવસ્થા ગોઠવી. પહેલાં ભાઈઓ માટે ખુલ્લામાં શેડ નીચે વ્યવસ્થા વિચારી પણ વરસાદે અમારી પરીક્ષા લીધી એટલે ચાર અલગ–અલગ સ્થાનોની તાત્કાલિક સફાઈ કરી ૫૦ ભાઈઓનો નિવાસ ગોઠવ્યો. રાત્રે ભોજન અને સવારે નાસ્તા માટેની સંપૂર્ણ ચિંતા આપણા એક સ્વયંસેવક શ્રી મિતભાઈ પટેલે સ્વીકારી લીધી. સવારે શૌચ માટે ગામના ૨૦ ઘરમાં શૌચાલયની અનુમતિ મેળવી લીધી. બહેનોના નિવાસ માટે ગામના ત્રણ બહેનોને જવાબદારી સોંપી. હાઈવે હોટલવાળા ભાઈને કહ્યું કે રાત્રે મોડેથી પણ કોઈ આવે તો પણ તેને તમે અમારો સંપર્ક કરવા કહેજો અમે વ્યવસ્થા ગોઠવીશું.

હજું તો અમે પૂર્વ તૈયારી કરતાં હતાં ને અતિથિઓ આવવા લાગ્યા.

ઓપરેશન સ્ટાર્ટ

આ વ્યવસ્થા આવનાર તમામના અંદાજ બહારની હતી અનપેક્ષિત હતી. આવનાર ભાઈઓના ચહેરા પર આશ્ચર્ય અને પ્રસન્નતાનો ભાવ હતો પરંતુ પાંચ–સાત બહેનો અંદર અંદર કંઇક ગણગણવા લાગી. અમે જ્યારે આગ્રહપૂર્વક કહ્યું કે તમારો ઉતારો અમે સ્વામીનારાયણ મંદિરના હોલમાં રાખ્યો છે.

ત્યારે તેમણે કહ્યું કે તમે આ બધું કેમ કરો છો? અમે તમારા ઉપર વિશ્વાસ કેમમૂકીએ ?

અમે એક દ્રષ્ટિથી તો નિરુત્તર થઈ ગયા. અમારે કહેવું હતું કે અમે આર.એસ.એસ.ના સ્વયંસેવક છીએ. ૧૦૦ વર્ષનો અમારો પ્રામાણિક, અનુશાસન, સેવા, દેશભક્તિનો ભવ્ય–સફળ ટ્રેક રેકોર્ડ છે. પરંતુ સંઘનીતિ અનુસાર એવું કહેવું યોગ્ય ન લાગ્યું અને તેઓને આર.એસ.એસ.ની જાણ કેટલી હોય !! પણ ગામના બહેનો અને વડીલોએ એમને એક વાર સ્થાન જોઈ લેવા કહ્યું. ત્યાં કોઈ ભાઈ આવશે જ નહીં. પાંચ બહેનો પોતાનું બાળક સાથે હોવાથી પોતાના પિતા, ભાઇ કે પતિને સાથે લાવ્યા હતા તો તે ભાઈઓને બાકીના ભાઈઓ સાથે જ નિવાસ આપ્યો.

કુલ મળીને ૪૫ ભાઈઓ અને ૨૫ બહેનોએ રાત્રે ભોજન લીધું. રાત્રે બે કલાકે હોટલ માલિકનો ફોન આવ્યો કે એક બહેન તેના પિતા સાથે હાઈવે પર ઉતર્યા છે અને આ પરીક્ષા માટે ગામના રસ્તા વિશે પૂછી રહ્યા છે. અમે તેમને બે બાઈક પર લઈ આવ્યા. ભોજન કરાવ્યું. સવારે કુલ મળીને ૬૦૦ જેટલી સંખ્યા થઈ ગઈ. તે પૈકી જે વહેલા આવ્યા તે બધાને સવારે ચા–નાસ્તો કરાવ્યો. અમારી તૈયારી ૬૦૦ લોકોના નિવાસ અને ભોજનની હતી. અમે આજુબાજુના ગામોના સ્વયંસેવકોને પણ કહી રાખ્યું હતું.

પ્રવેશ પરીક્ષા પૂર્ણ થયા બાદ બધાના ચહેરા પર અમારા પ્રત્યે અંતઃકરણના આશિર્વાદનો ભાવ હતો. તમે પણ અમારા ગામ આવજો. જે રીતે તમે અમારી સેવા કરી એ રીતે અમે પણ અમારા ગામમાં આવા પ્રસંગોએ લોકોની સેવા કરીશું. એક બહેને કહ્યું કે હું દાહોદથી આવું છું. મેં અહીનીં વાત મારી 'માં' ને કરી તો મારી 'માં' તમને સૌને ફોનથી આશિર્વાદ આપી રહી છે. અમે બધાને વિદાય સાથે કહ્યું કે હાઈવે પરની હોટલમાં જમવાની વાત કરી રાખી છે, જમીને જજો. ગામના એક સર્જને હોટલના માલિકને તે ખર્ચ પોતે ચુકવશે એવું કહી દીધું હતું. જ્યારે ભોજન બાદ હોટલવાળાએ પૈસા લેવાની ના પાડી તો ભોજન કરનાર સર્વે ભાઈ–બહેનો મળી તેમના અંદાજે ૩,૫૦૦ રુપિયા મારા મોબાઈલ નંબર પર ગુગલ પે (ડીજીટલ પેમેન્ટ)થી ચૂકવી દીધા.

ગીતા સાર – મફતનું લઈશ નહીં. એ ધર્મ જ્ઞાન આપણા લોહીમાં જ છે.

હું જ્યારે એ સર્જનને રૂપિયા આપવા ગયો ત્યારે તેમણે કહ્યું કે તમે શાખાવાળા કોઈ સેવા કામમાં વાપરી દેજો.

"સંગઠિત શક્તિ કે આગે, હર સંકટ ટલ જાયેગા,
ગોવર્ધન ઉંગલી સે થામે, સંઘ કૃષ્ણ બન જાયેગા"

Impact of સેવા નિરંતર

---

## સમાજ એટલે કોણ

આજે છેલી નાકની નથ પણ વેચાઈ ગઈ કારણ કે સમાજમાં રહેવું છે અને વ્યવહાર સાચવવા પડે છે. ખુબ ઉદાસ થઈને એ દિકરી જવેલર્સની દુકાનમાંથી બહાર નીકળી.

પચીસ હજારની કિંમતની વસ્તુના પંદર હજાર જ આવ્યાં. (ઝવેરીઓએ આ નોંધ લેવી અને વેચનાર મહામૂલી વસ્તુ ક્યારે વેચતા હોય એ સમજી અને પ્રામાણિકતા રાખવી.)

સાંજના મકાન માલિકને ભાડું ચૂકવવાનું છે કારણ કે આગલા બે મહિનાનું ભાડું ચડી ગયું હતું. દિકરી બીમાર પડી એમાં વધારે ખર્ચો થઇ ગયો હતો અને હજી એની સ્કુલની ફીસ ભરવાની બાકી પડી છે..!

રસ્તે ચાલતાં ચાલતાં આંખના ખૂણા લૂછીને મોંઢા ઉપર ખોટું હાસ્ય ઉમેરી એ કરિયાણા વાળા ની દુકાને ગઈ.

હજી તો પગ મુક્યો હતો ત્યાં એ ખાતું ખોલવા લાગ્યો. ખુબ ધ્રુજતા ધ્રુજતા સ્વરે એટલું બોલી શકી ભાઈ હજુ એક હફતો ખમી જજો. પગાર મળશે ત્યારે પહેલાં તમને આપીશ.

અણગમા સાથે એણે ચોપડી મૂકી દીધી અને પોતાના કામમાં લાગી ગયો એટલે બીજું

ઉધાર માંગવાની હિંમત થઇ નહિ.

હજી બે ત્રણ દિવસ ચાલે એટલું અનાજ ઘરમાં હશે. આગળ જઈને ત્રણ વડાપાઉંનું પાર્સલ લીધું. બે પાઉં અલગથી લીધા.

મનમાં વિચાર કર્યો કે રાત્રે એ ચાની સાથે ખાઈ લઈશ તો એક જણનું જમવાનું બચી જશે. ગળામાં ડુભો ભરાઈ ગયો હતો. ભાઈનો ફોન આવ્યો હતો.

કેમ છે બેન હજી તો એટલું જ પૂછ્યું, માંડ માંડ બોલી શકી કે પછી કરું છું ભાઈ હમણા ઘરનું કામ કરું છું અને ભાઈએ ભલે બોલીને ફોન મૂકી દીધો.

એ બાથરૂમમા જઈ બારણું બંધ કરીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી !

ખુબ આક્રંદ કરીને એણે પોતાનું મન હળવું કર્યું. માંડ માંડ સ્વસ્થ થઈ ભાઈ સાથે શાંતિ થી વાત કરી.

ખુબ સુખી છીએ અને કોઈ તકલીફ નથી બિલકુલ ચીંતા કરતો નહિ એવી ભલામણ કરીને વડાપાઉંનો ફોટો મોકલીને નીચે લખ્યું. પાર્ટી કરું છું. જો અને ખુશ મિજાજ ના ઈમોજી મોકલ્યા. ભાઈને ખબર નહોતી કે બહેનના ઘરમાં બે દિવસનું રાશન છે. એટલે વડાપાઉં ખાઈ રહી છે.

દીકરીને ભર પેટ જમાડીને પોતે પાણી પી સુઈ ગઈ. રાતના પતિ ઘરે આવ્યાં ત્યારે ગરમ રોટલી ઉતારીને જમાડી.

આડી અવળી વાતો કરીને હાથમાં રૂપિયા આપતાં એટલુજ બોલી. ચીંતા નહિ કરો. ભગવાન બધુ જ સારું કરશે.

ત્યારે પતિ એ હસતા હસતા એટલુજ કીધું આજે શું વેચી આવી.

ત્યારે એણે હસતા હસતા જવાબ દીધો, મને જે નથી ગમતી એ બધુ જ વેચી દઉં છું એટલે નવી મળશે મન ગમતી.

આટો મારીને પાન ખાઈ આવું છું કહીને પતિ બહાર ગયો ! અને એક ખૂણામાં બેસીને આંખમાં આવી રહેલાં આંસુને રોકવાનો નિરર્થક પ્રયાસ કરવા લાગ્યો. પુરુષ હતો. રાત દિવસ મહેનત કરી ગુજરાન ચલાવતા હતા.

કોઈ વ્યસન નહિ, પણ ભાડા નું ઘર, પગારની મોટા ભાગની આવક ભાડામાં જતી. દર મહિને કંઈ ને કંઈ ખૂટતું.

ધીમે ધીમે બધુ જ સારું થશે એમ સમજીને જીવન કાઢતા.

ક્યારેક મીત્રો સાથે જમી ને આવ્યો છું એમ કહીને જમવાનું ટાળતો. જેથી એક ટંકનું બીજાંને આપી શકે.

મરદ માણસની આંખ ત્યારે જ ભીંજાઈ જાય જ્યારે એ લડતા લડતા થાકી જાય છે..!!

ભાડા નું ઘર, સંતાન ના ભણતર ના ખર્ચા, લાઈટ બીલ, પાણીનું બિલ, કરિયાણું, દવાના ખર્ચા, સામાજિક વ્યવહાર અને ઘણું બધું.

નાનો માણસ તણાઈ જાય છે આ એક સત્ય ઘટના છે. અનુભવની વાત છે. આજે આવી અનેક દિકરીઓ કટોકટીમાં જીવી રહી છે, આધુનિક શિક્ષણ માટે તો આ લોકોની ચિંતા એમને ચીતા સુધી ખેંચી જાય છે.

કારણ કે ગુજરાન માંડ ચાલતું હોય ત્યારે બીજી બાજુ ચીંતા કરી ને ચીતા સુધી લોકો પહોંચી જાય છે.

જીવનમાં આવા લોકો આસપાસ હોય તો ગુપ્ત દાન કરી દેવું. દરેક સ્થળે સમાજની મદદની વાટ જોવી નહિ. કારણ સમાજ એટલે આપણે બધા અને આપને આજ વિચારધારાથી ચાલવું જોઈએ. અસ્તુ.

**લેખન ક્રેડિટ : પૂર્વી કુરાણી**

## હાર્ટ એટેક.. જરૂર વાંચજો

આપણા દેશ ભારતમાં ૩૦૦૦ વર્ષ પહેલા એક મહાન ઋષિ હતા. તેમનું નામ મહર્ષિ વાગ્ભટજી હતું.

તેણે એક પુસ્તક લખ્યું જેનું નામ છે અષ્ટાંગ હૃદયમ અને આ પુસ્તકમાં તેમણે રોગોના ઈલાજ માટે ૭૦૦૦ સૂત્રો લખ્યા છે !

આ તેમાંથી એક છે.

વાગ્ભટજી લખે છે કે હૃદયને હંમેશા હાર્ટ એટેક આવે છે. આનો અર્થ એ કે હૃદયની ચેનલોમાં અવરોધ શરૂ થઈ રહ્યો છે ?

તો એનો અર્થએ થયો કે લોહીમાં એસીડીટી (એસીડીટી) વધી છે.

એસિડિટી તમે સમજો છો.

એસિડિટી બે પ્રકારની હોય છે.

(૧) એક તો પેટની એસિડિટી. (૨) અને લોહીની એસિડિટી છે.

જ્યારે તમારા પેટમાં એસિડિટી વધે છે! તો તમે કહેશો.

– પેટમાં બળતરા થાય છે !

– ખાટ્ટી ખાટ્ટી ડકાર આવે છે!

– મોં માંથી પાણી બહાર આવી રહ્યું છે

અને આ એસિડિટી વધી જાય તો ! તે હાયપર એસીડીટી હશે અને પેટની આ એસિડિટી લોહીમાં આવે ત્યારે વધે છે, તો તે લોહીની એસિડિટી છે.

અને જ્યારે લોહીમાં એસિડિટી વધી જાય ત્યારે આ એસિડિક લોહી હૃદયની નળીઓમાંથી બહાર નીકળી શકતું નથી ! અને નળીઓમાં અવરોધ આવે ત્યારે હાર્ટ એટેક આવે છે.

તેના વિના હાર્ટ એટેક ન આવે.

અને આ આયુર્વેદનું સૌથી મોટું સત્ય છે જે તમને કોઈ ડૉક્ટર કહેતું નથી !

કારણ કે તેની સારવાર સૌથી સરળ છે.

ઈલાજ શું છે??

વાગ્ભટજી લખે છે કે જ્યારે લોહીમાં એસિડિટી વધી છે. તેથી તમે ક્ષારયુક્ત વસ્તુઓનો ઉપયોગ કરો છો!

તમે જાણો છો કે બે પ્રકારની વસ્તુઓ છે !

– એસિડિક

– આલ્કલાઇન.

– એસિડ અને આલ્કલાઇન મિક્સ કરો તો શું થાય છે.

neutral ? તટસ્થ ? બધા જાણે છે.

તો વાગ્ભટજી લખે છે ! લોહીની એસિડિટી વધી ગઈ હોય તો ખાઓ આલ્કલાઇન વસ્તુઓ ! તેથી લોહીની એસિડિટી તટસ્થ થઈ જશે . અને લોહીમાં એસિડિટી ન્યુટ્રલ થઈ ગઈ.

તો જીવનમાં હાર્ટ એટેકની કોઈ શક્યતા નથી.

આ આખી વાર્તા છે.

હવે તમે પૂછશો કે એવી કઈ વસ્તુઓ છે જે ક્ષારયુક્ત છે અને આપણે ખાવી જોઈએ.

તમારા રસોડામાં એવી ઘણી વસ્તુઓ છે જે આલ્કલાઇન છે! જો તમે તેને ખાશો, તો ક્યારેય હાર્ટ એટેક નહીં આવે.

અને આવ્યો હોય તો ફરી આવે નહિ.

આપણે બધા જાણીએ છીએ કે સૌથી ક્ષારયુક્ત વસ્તુ શું છે અને તે દરેક ઘરમાં સરળતાથી ઉપલબ્ધ છે, તે છે દૂધી.

જેને દૂધી પણ કહેવાય છે !!

અંગ્રેજીમાં તેને botle gourd કહે છે.

જે તમે શાક તરીકે ખાઓ છો !

આનાથી વધુ આલ્કલાઇન કંઈ નથી !

તો તમે રોજ દૂધીનો રસ કાઢીને પીવો. કાચી દૂધી ખાઓ !!

વાગ્ભટજી કહે છે કે દૂધીમાં લોહીની એસિડિટી ઘટાડવાની સૌથી મોટી શક્તિ છે. તો તમારે દૂધીના રસનું સેવન કરવું જોઈએ.

કેટલું સેવન કરવું ?

દરરોજ ૨૦૦ થી ૩૦૦ મિલિગ્રામ પીવો.

ક્યારે પીવું ?

તમે તેને સવારે ખાલી પેટે પી શકો છો (ટોઇલેટ ગયા પછી) અથવા નાસ્તાના અડધા કલાક પછી પી શકો છો.

તમે આ દૂધીના રસને વધુ આલ્કલાઇન બનાવી શકો છો.

તેમાં તુલસીના ૭ થી ૧૦ પાન નાખો તુલસી ખૂબ જ ક્ષારયુક્ત છે તમે આમાં ૭ થી ૧૦ ફુદીનાના પાન મિક્સ કરી શકો છો ! ફુદીનો પણ ખૂબ આલ્કલાઇન છે ! તમારે તેની સાથે કાળું મીઠું અથવા સીંધાલુણ મીઠું ઉમેરવું જોઈએ ! તે ખૂબ જ આલ્કલાઇન પણ છે.

પણ યાદ રાખો કાળું મીઠું અથવા સીંધાલુણ મીઠું ઉમેરો. બીજું આયોડાઇઝ્ડ મીઠું ક્યારેય ઉમેરશો નહી. આ આયોડીનયુક્ત મીઠું એસિડિક છે.

તો મિત્રો, તમારે આ દૂધીના રસનું સેવન કરવું જ જોઈએ. તે ૨ થી ૩ મહિનામાં તમારા બધા હાર્ટ બ્લોકેજને ઠીક કરી દેશે. ૨૧મા દિવસે જ, તમે જોરદાર અસર જોવા મળશે. તમારે કોઈ ઓપરેશનની જરૂર નહીં પડે. આપણા ભારતના આયુર્વેદથી ઘરે જ ઈલાજ થશે અને તમારું કિંમતી શરીર અને લાખો રૂપિયા ઓપરેશનથી બચી જશે.

# પઝલ

– સુચિતા ભટ્ટ

હાઈ નીતા, આવ આવ.

હેય માયા, ઘણા દિવસે વેકેશન હતું તો થયું કે મળીએપઆમેય અક્ષુને આજે ડ્રોઇંગ ક્લાસ અને સ્કેટિંગ ક્લાસમાં છુટ્ટી હતી એટલે સોફા પર બેસતા નીતા બોલી.

નીતાનો અક્ષય અને માયાનો મોક્ષ એક જ સ્કૂલ, એક જ ક્લાસ અને એક જ બેન્ચ પર બેસીને ભણતાં હતાં. બન્નેની દોસ્તી ખૂબ પાક્કી હતી.

માયા ખુશ થતાં બોલી, કેમ નહીં વળી. સારું થયું તું આવી. એ બન્નેને મઝા પડી જશે હવે. "યા બટ યુ નો, મારો અક્ષુ ફ્રી જ નથી હોતો આખો દિવસ! એને તો ક્યારેક મ્યુઝિક તો ક્યારેક કરાટે તો ક્યારેક ડ્રોઇંગ કે સ્કેટિંગ ને એમ બધુ ચાલતું જ હોય છે." પોતાના વાળને ઝાટકાથી પાછળ કરતા અને મનમાં પોરસાતા નીતા બોલી.

માયા, નીતાને સારી રીતે ઓળખતી હતી. એની મોટાઈભરી વાતોથી, એના દેખાડાથી બરાબર પરિચિત હતી. એ ફક્ત હસી. બન્ને બાળકો તો ક્યારનાં અક્ષયની મમ્મી નીતાએ લાવેલી ગેમ્સ જોવામાં મશગુલ થઈ ગયેલાં.

આડી અવળી વાતો કરતા કરતા વાત વાતમાં નીતા બોલી ઊઠી , " યુ નો, અક્ષુની હેલ્થની મને બહુ ચિંતા રહે છે. એટલે જ એને હું અમારા પીડીયાટ્રિશન કહે છે એ પ્રમાણે પ્રોટીન, વિટામીન મળી રહે એવો ડાયટ જ આપું છું. અને સ્નેક્સમાં તો બને ત્યાં સુધી ફ્રુટ્સ જ." નીતા રોજની મોટાઈ હંકારતી રહી. " સારુ કહેવાય", માયાએ કહ્યું.

એવામાં જ અક્ષયે એક પઝલવાળી ગેઈમ કાઢી. અક્ષયે બતાવ્યું મોક્ષને કે એ ગેઈમ કઈ રીતે રમવાની છે એ. બન્ને, એ ગેઈમમાં મશગુલ થઈ ગયાં . રમતમાં, પૂછેલા પ્રશ્નો પ્રમાણે જવાબ આપતા જવાના અને ચિત્ર ગોઠવતા જવાના હતા. નીતાને તો ખાત્રી હતી કે આ પ્રશ્નનોના જવાબ અક્ષયને તો આવડશે જ પણ આ શું!!!!

મોટા ભાગના સવાલોના જવાબ અક્ષયને ના આવડ્યા અને મોક્ષ તેના જવાબો જાણતો હોવાથી એ પઝલ આરામથી ગોઠવવા લાગ્યો. નીતાએ આ જોયું. એનું મોઢું ઉતરી ગયું. અક્ષય તો મોક્ષને બધુ આવડ્યું એ જોઈને ખૂબ રાજી થયો. પણ નીતા, કે જેને પોતાની અને પોતાના દીકરાની હોંશિયારી દેખાડી દેવી હતી, એમાં નીરાશા મળતા હવે એને ઘરે જવાની ઉતાવળ આવી ગઇ હતી. એનો અહમ્ ઘવાયો હતો. માયા તો શાંત હતી. એણે નીતાને થોડું વધુ બેસવાનો આગ્રહ પણ કર્યો. પણ નીતા તો," લેટ્સ ગો. અક્ષુ,ચલો હવે ઘરે. મારે કામ છે."કહેતા ઊભી થઈ ગઈ.

ત્યાં જ મોક્ષ બોલ્યો, "મમ્મા, જો મને આવડી ગયું". માયાએ ખૂબ પ્રેમથી મોક્ષના વાળમાં હાથ ફેરવ્યો. એને શાબાશી આપી અને સહજ બોલી ઊઠી, " અમારા મોક્ષને અમે બન્ને બધું જ શીખવાડીએ છીએપ. એ પણ રમતા રમતા, જે એને ખૂબ ગમે છે." માયાની વાત સાંભળી ના સાંભળી કરીને નીતાએ ફરી ઘરે જવાની વાત કરી. આખરે માયા મોક્ષ સાથે એ બન્નેને બહાર વળાવવા આવી. નીતા અને એના દીકરા અક્ષયના ગયા બાદ માયા પોતાના

લાડકા દીકરા સાથે થોડી મસ્તી અને લાડ કરતા કરતા ઘરમાં ગઈ.

આ સમયે, બહાર, નીતાની ગાડીમાં, સાવ વિપરીત દ્રશ્ય હતું. નીતા અક્ષયને ધમકાવવી રહી હતી અને કહેતી હતી કે, "બધું જ તને વારંવાર શીખવાડેલું હતું તોય કેમ તેં આન્સર ના આપ્યા અને ભૂલી ગયો બધું?? " અક્ષય નીચું જોઈને બેસી રહ્યો હતો. નીતા હજુ ગરમ હતી. એ બોલી ગુસ્સામાં કે, "તેં એ બે ટકાના મા-દીકરા સામે મારું નાક કપાવી નાખ્યું." નાનકડો અક્ષય પોતાનું મો ઊંચુ કરીને એની મમ્મીના નાક સામે જોવા લાગ્યો અને વિચારવા લાગ્યો કે, " એનાથી એવું તે શું થઈ ગયું કે વગર ચાકુએ એની મમ્મીનું નાક જ કપાઈ ગયું??? અને નાક દેખાવમાં તો એકદમ બરાબર લાગતું હતું. કપાયેલું ન હતું !" અક્ષય, આ એક, વધારાના પઝલને ઉકેલવામાં પણ નિષ્ફળ ગયો.

## બહુરુપી - સત્યઘટના

- સંજય ભટ્ટ ખુશ

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકામા એક શ્રીમંત જૈન પરિવાર હતું. પરિવારમાં શેઠ, શેઠાણી અને તેમનો એકનો એક દિકરો હતા. તેઓનો વારસાગત વેપાર બન્ને બાપ-દિકરો સાથે એક આગવી સૂઝબૂઝ સાથે ચલાવતા હતા અને સાથોસાથ સુખ, શાંતિમય, તેમજ ધર્મમય જીંદગી જીવી રહ્યા હતા.

શેઠના નિત્યક્રમ રૂપે રોજ સવારે હજારો રુપિયાનુ દાન-પુણ્ય કરી, દેરાસર પુજાપાઠ તેમજ મહારાજ સાહેબને ખમાસણા કરીને જ પોતાની પેઢીએ જવાની ટેવ હતી. આમ તો, શેઠજીએ તેમના વેપાર ધંધાનો કારોબાર દિકરા પર જ નાખી દિધેલો હતો અને તેઓ વધુને વધુ યાત્રાઓ, તેમજ ધર્મકાર્યમા જ રચ્યા-પચ્યા રેહતા હતા.

શેઠજીનું સદર કર્મ ઘણા વર્ષો ચાલ્યુ પણ એક દિવસ શેઠજીની તબિયત અચાનક ખરાબ થઈ. તેઓએ પથારી પકડી લીધી. શેઠજીનો દીકરો સુરેન્દ્રનગર શહેરની મોટી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયો. લાંબો સમય દવાખાને રહ્યા પછી પણ ડોક્ટરને તેમની બિમારી વિશે ચોક્કસ નિદાન પકડાયું નહીં. દિવસેને દિવસે શેઠની તબિયત વધુ બગડતી ગઈ. તેણે ખોરોક લેવાનું પણ બંધ કરી દીધું.શરીરમા વધુને વધુ નબળાઇ વધતી ગઈ. ત્યારે એક દિવસ ડોક્ટર સાહેબે શેઠજીના દીકરાને કેબીનમાં બોલાવી કહ્યું, "અમે શહેર માંથી પણ સ્પેશિયલ ડોક્ટરો બોલાવીને શરીરનુ ચેકેઅપ કર્યુ, તેમ છતાં શેઠજીની બીમારી વિશે કઈ જાણવા મળ્યું નથી. તેના બધાજ રીપોર્ટ નોર્મલ આવ્યા. તેથી હોસ્પિટલનો ખર્ચ વધારવો તેના કરતાં શેઠજીને તમે ઘરે લઈ જાવ અને સેવાચાકરી ઘરે જ કરો. તેમની કોઈ અંતિમ ઈચ્છાના લીધે જ તેઓ આ અવસ્થામાં આવી પહોચ્યા છે. તેઓ નથી સાજા થઇ રહ્યા કે નથી જીવ છુટતો. અમારી ટીમે સપૂર્ણ પ્રયાસો કરી લીધા હવે તેમનું શેષ જીવન ઈશ્વર ભરોશે જ છે."

શેઠજીનો દીકરો નિરાશા સાથે શેઠજીને ઘરે લઇ આવ્યો. તેમની સેવા ચાકરી પણ પુરા સમર્પણ ભાવે કરવા લાગ્યો. તેઓના કોઈ સગાંએ કહ્યું એ મુજબ સાધુ-સંત-ઓલીયાનો સંપર્ક કરી જુવો કઈ રસ્તો મળે તો શેઠજી નો જીવ અરીહંત શરણે જાય.

ચોમાસાની સીઝનની એક સવારે શેઠજીની તબિયત વધુ બગડી. નજીક એક સગાવાલા

વડીલે કહ્યું, "બેટા તારા પપ્પાની તબિયત વધુ ખરાબ થતી જાય છે. તેમના સુકાયેલા નબળા શરીરને જોતા એવુ લાગે છે કે તેઓ બે-ત્રણ દિવસમાં અરિહંત શરણે જતા રેહશે." વડીલના શબ્દો સાંભળતા જ દીકરાની આંખો લાગણીશીલ બની અને તેમાંથી દડદડ આંસુઓ વહેવા લાગ્યા.

શેઠજીની પાસે આવીને તેમનો દિકરો બોલ્યો, "પપ્પા તમે ઘણા સમયથી ખાધાં-પીધાં વિના આમજ પથારીવશ છો તમારુ આ દુ:ખ અમારાથી જોવાતુ નથી. તમારી જે પણ ઈચ્છા હશે એ હુ પુરી કરીશ."

શેઠજીની ક્ષિણ આંખોમાંથી આંસુઓ વેહવા લાગ્યા. દિકરાને અને તેમની પત્નીની સામુ જોઈને બોલ્યા, " હું બીમાર પડ્યો ત્યારથી ઘણો સમય વિત્યો હું મહારાજ સાહેબના દર્શન નથી કરી શક્યો. મારે મહારાજ સાહેબને સાતા પુછી ખમાસણા કરવા છે. તો ઉપાશ્રાયે જઈને મહારાજ સાહેબના ઘરે પગલા કરાવ તેમના દર્શન કરીશ તો મને મુકતિ મળી જશે."

શેઠજીનો દિકરો અશ્રુભીની આંખે તુરંત જ ઉપાશ્રાય તરફ દોટ મુકી. પરંતુ ત્યારે ઉપાશ્રાયમાં કોઈ પણ મહારાજ હાજર ન હતા. ચોમાસાની સીઝન એટલે વઢવાણમાં કોઈ મહારાજનુ ચાતુર્માસ હતુ નહી. નિરાશ દિકરો ઉપાશ્રાયના બહાર ઓટલા પર બેઠો અને ખુબ રડ્યો. "હું કેવો કમનસીબ દિકરો છું મારા બાપૂજીની અંતિમ ઈચ્છા પણ પુરી કરી શકુ તેમ નથી." હવે શુ કરવુ એ વિચારમાં બેઠો હતો ત્યાં તેની નજર બજારમાં ફરતા વિવિધ વેશભૂષા ભજવી લોક મનોરંજન પુરૂ પાડતા બહુરુપી પર પડી.

શેઠજીના દિકરાને ઈશ્વર તરફથી કોઈ સંકેત થયો હોય એવી રીતે તેણે મનોમન વિચાર કર્યો. તેણે બહુરુપીને પોતાની પાસે બોલવી બાપુજીની અવદશા અને ઈચ્છા વિશે વાત કરી. મહારાજ સાહેબનો વેશ ભજવી ઘરે પધારવા આજીજી કરી અને કહ્યું, " આપ મહારાજ સાહેબનો વેશ ધરી અમારે ઘરે પધારો. હું આપનો જીવનભર આભારી રહીશ. તેના માટે તમે માંગશો એટલા રૂપિયા આપીશ."

શેઠના દીકરાને કરગરતા જોઈ બહુરુપીના મનમાં લાલચ જાગી અને કહ્યું, "હુ વેશ ભજવવા તૈયાર છું પણ વેશ ભજવવા માટે હું પુરા દસ હજાર રૂપિયા લઈશ તેમજ પાંચ હજાર રૂપિયા બાના પેટે અત્યારે જ આપવા પડશે. જેથી વેશ ભજવવા જરૂરી વસ્તુઓની ખરીદી કરવી પડે." લાલચુ બહુરુપી શેઠજી દીકરાની મજબુરીનો લાભ ઉઠાવી રહ્યો હતો અને તે જાણતો હતો કે વેશ ભજવવાના માંગ્યા રૂપિયા મળશે. શેઠજીના દિકરાએ તુરંત જ પાકીટ માંથી પાંચ હજાર રૂપિયા ગણી બહુરુપીને આપ્યા.

શેઠના દિકરા માટે તેમના પિતાજીની ઈચ્છા પૂરી કરવી એ જ કેન્દ્ર સ્થાને હતું. તે ખુશ થતાં સહજ બોલી ગયો, " દસ હજાર નહી તુ માંગીશ એટલા રૂપિયા આપીશ, જો મહારાજ સાહેબનો વેશ ધારણ કરી મારા પિતાજીની સામે આવીશ."

બીજા દિવસે સવારે આઠ વાગે આવી જવાની સહમતી દર્શાવી બંને છુટા પડ્યા. શેઠજીનો દિકરો હરખાતો ઘરે આવ્યો અને પિતાજી પાસે પહોચી કહ્યું, "મહારાજ સાહેબ સવારે નવકારશીની ગોચરી માટે પગલા કરશે." જે સાંભળી શેઠજીના મુખ પર એક અલૌકિક

પ્રશ્નતા વ્યાપી ગઈ. તેઓ પ્રશ્ન વદન સાથે આંખો મીંચી બીજા દિવસની રાહ જોતા સુઈ ગયા.

સવાર પડતા વઢવાણની બજારમાંથી મહારાજ સાહેબ નિકળ્યાને ઉભી બજારમાંથી તમામ જૈન સમાજના લોકો રસ્તા પર જ નમવા પડાપડી થવા લાગી. બહુરુપી મહારાજ સાહેબના વેશભૂષામાં  શેઠના ઘર પાસે આવી ને બોલ્યા, “ધર્મલાભ.... ધર્મલાભ..... “ જે સાંભળી શેઠજીના દિકરાએ દરવાજા તરફ દોટ મુકી. માન–સન્માન સાથે તેમને ગ્રહપ્રવેશ કરાવી શેઠની પથારી પાસે જઈ ગયા.

આબેહૂબ વેશભૂષાના લીધે સાક્ષાત મહારાજ સાહેબ સામે ઉભા જોઈ શેઠજી પ્રશન્ન થઇ ગયા. તે પથારીમાંથી જ મહારાજ સાહેબને પગે લાગ્યા. બહુરૂપી શેઠ સાહેબના કાન પાસે આવી મોટા અવાજે નવકાર મંત્રના જાપ શરુ કર્યા

ૐ નમો: અરિહંતાણં
ૐનમો: સિધ્ધાણં
ૐ નમો: આયરિયાણં
ૐ નમો: ઉવ્વજ્ઝાયણં
ૐ નમો: લોએ સવ્વસાહુણં
એસો પંચનમુક્કરો,
સવ્વપાવપ્પણાસણો
મંગલામં ચ સવ્વેસિ,
પઢમં હવઈ મંગલં

નવકારમંત્રનો જાપ પુરો

થતાં જ શેઠજીની આંખો અંતરના ઊંડાણમાં સ્થિર થઇ. આત્મા શ્રીમહાવીર ભગવાનના શરણે જતો રહ્યો. રૂમમાં નીરવ શાંતિ છવાઈ ગઈ. શેઠજીના શાંત શરીર અને મુખ પરની આભા જોઈ બહુરૂપી પોતે જ દિગ્મૂઢ થઇ ગયો.

બહુરૂપી શેઠના આલીશાન બંગલાની બહાર નીકળી ગયો. શેઠનો દિકરો તેમની પાછળ જઈ તેના પગમા પડી ગયો. તેઓ વચ્ચે નક્કી થયેલા દસ હજારને બદલે એકલાખ રૂપિયા બહુરુપીની સામે ધર્યા. અવાચક બનેલા બહુરુપી એ કહ્યું, “ ભાઈ..મારે હવે તારા પૈસા નથી જોઈતા. આજે આ શ્વેત વસ્રો દ્વારા જો કોઈનું ભલું થતું હોય તો તેના વડે મારો ઉધ્ધાર પણ ચોક્કસ થશે જ. અત્યારે સુધી હું અવનવી વેશભૂષા ધારણ કરી હું મારૂ પેટ્યું રળતો હતો. પણ આજની આ વેશભૂષા હવે આજીવન ધારણ કરી રાખીશ અને હું મારી આત્માનો ઉધ્ધાર કરીશ.

બહુરુપી હંમેશ માટે જૈન સમાજના સાધ્વી સમુદાયમા વિધિવત ભળી ગયા.

એક બહુરુપી એ તેનુ અને શેઠની આત્માનુ કલ્યાણ થયુ એટલે આ સ્તવન ચોક્કસ યાદ આવી ગયુ

તારા શરણે આવ્યો છું સ્વીકારી લે
મને લઈ જા પ્રભુ તારા ધામમાં ;
તારું શરણું પ્રભુજી , સ્વીકારું છું

મને લઈ જા પ્રભુ તારા ધામમાં
લાવી દો નૈયા પ્રભુજી કિનારે
ફસાયો છું હું પ્રભુજી આ ચકરાવે
મારા તારણહાર મને તારી લ્યો ... મને લઈ જા પ્રભુ .....

અંહી શેઠની અંતિમ વિધી પતાવીને શેઠના નામથી બહુજ દાન પુણ્યને નવા જિનાલય ને ઉપાશ્રાય મા તેમનો દિકરો પુણ્યનુ ભાથુ બાધી ને હસી ખુશી થી વિતેલા દિવસો પસાર કરે છે.

આ સત્ય ઘટના જગદીશ ત્રિવેદીના એક વિડીયોમાંથી

---

જયારે ખુદ ઈશ્વર પણ તથાસ્તુ કહેવા માટે મજબૂર બની જાય છે!

જિંદગીમેં ઉપરવાલે સે ઇતના જરૂર માંગ લેના..

મા કે બીના કોઈ ઘર ન હો ઔર કોઈ મા બેઘર ન હો.

આજે એક રીક્ષા પાછળ આ વાક્ય વાંચ્યુ. થોડા શબ્દોમાં કહેવાયેલી કેટલી બધી સચોટ વાત !

ખાસ્સા વર્ષો પહેલાની વાત છે. હું રીલીફરોડ પર સ્થિત મારી ઓફિસે જઈ રહ્યો હતો. રસ્તામાં રીલીફ સિનેમા પાસે સીનીયર સિટીઝન્સની ભારે ભીડ હતી. મને નવાઈ લાગી કારણકે આટલા બધા વૃદ્ધો સિનેમાઘર પર ભેગા થયા હોય એવું દ્રશ્ય મેં પહેલી જ વાર જોયું હતું. મેં સ્કૂટર ઉભું રાખીને ત્યાં એક ભાઈને પૂછ્યું તો માહિતી મળી કે એ તમામ વૃદ્ધ વડીલોને વૃદ્ધાશ્રમમાંથી ફિલ્મ જોવા માટે ખાસ લાવવામાં આવ્યા હતા. સવારે દસ વાગે વૃદ્ધાશ્રમ તરફથી જ "બાગબાન" ફિલ્મનો સ્પેશિયલ શો રાખવામાં આવ્યો હતો. મને એક મિનીટ માટે એવો વિચાર પણ આવી ગયો કે "બાગબાન" તો આ વડીલોના દીકરાઓને ફરજીયાત બતાવવું જોઈએ. આ વડીલો તો બિચારા ફિલ્મ જોઇને વધારે દુ:ખી નહિ થાય?

સન ૨૦૨૨માં પ્રકાશિત થયેલું મારું પુસ્તક "જીવન ચલને કા નામ" ગુજરાતના તમામ વૃદ્ધાશ્રમોમાં પહોંચાડવામાં આવ્યું હતું. એમાં મારો મોબાઈલ નંબર ઉપલબ્ધ હોવાથી અમુક વડીલોના વૃદ્ધાશ્રમમાંથી મારા પર ફોન આવે છે. હું સમાજસેવાના ભાગ રૂપે એમને શાંતિથી સાંભળી રહું છું. ફોન પરની વાત પૂરી થયા બાદ આંખમાં ભીનાશ ઉતરી આવે છે. મન ગ્લાનીથી ભરાઈ જાય છે. એક માજીએ મને એક વાર કહ્યું હતું "એક મા પાંચ દીકરાને રાખી શકે છે, મોટા કરી શકે છે પરંતુ પાંચ દીકરા એક માને રાખવા માટે ગલ્લાં તલ્લા કરે ત્યારે ઈશ્વર પરની શ્રધ્ધા ઉઠી જાય છે". જોકે બધી જગ્યાએ આવું નથી પરંતુ આજના યુગમાં વધતી જતી વૃદ્ધાશ્રમોની સંખ્યા આપણા મનમાં એક ન ગમે તેવું ચિત્ર તો જરૂર રજૂ કરે જ છે.

કોઈકે સાચું જ કહ્યું છે કે માબાપનો હાથ પકડી રાખશો તો તમારે ક્યારેય કોઈના પગ પકડવાનો વારો નહી આવે. મા બાપના આશીર્વાદની તાકાતની તોલે કાંઈ જ ન આવે. એક શાયરે સરસ કહ્યું છે...

મા બાપ કે પાસ બૈઠને કે દો ફાયદે હૈ.
આપ કભી બડે નહી હોતે ઔર
મા બાપ કભી બુઢે નહી હોતે.

બાળકો નાના હોય ત્યારે જો પિતાનું અવસાન થાય તો ઘર પરથી છાપરું જ નહી પરંતુ આકાશ ઉડી ગયાનો અહેસાસ થતો હોય છે! પિતાના અચાનક અવસાનથી . સંતાનની ઉંમર એકાએક વધી જતી હોય છે. માતાની સરખામણી તો ઈશ્વર સાથે પણ ન થઇ શકે કારણકે ઈશ્વર એક કલ્પના છે જયારે મા એક વ્યક્તિ છે. ઈશ્વર નિરાકાર છે જ્યારે મા સાકાર છે. ઈશ્વર આપણી શ્રદ્ધા છે જયારે મા તો સાક્ષાત્કાર છે.. મા સમર્પણનુ સરનામુ છે. કોઈકે સાચું જ કહ્યું છે કે ઈશ્વરને ભજવાથી મા નથી મળતી પરંતુ માને ભજવાથી ઈશ્વર જરૂર મળે છે.

એક પૌરાણિક કથા અનુસાર પુંડલીક જયારે એના માતા પિતાની સેવામાં લીન હતા ત્યારે આશ્રમની બહાર સ્વયં વિષ્ણુ ભગવાન આવ્યા. પુંડલીકનું ધ્યાન પડ્યું પરંતુ એમણે માબાપની સેવાનું કાર્ય ચાલુ જ રાખ્યું. બહાર ધીમી ધારનો વરસાદ પડતો હતો તેથી એમણે એક ઈંટ બહાર ફેંકી જેથી ભગવાન એના પર ઉભા રહી શકે. ભગવાન ઈંટ પર ઉભા રહી ગયા અને પુંડલીકની માતા પિતા પ્રત્યેની કર્તવ્યભાવના સ્નેહ નિતરતી નજરે નિહાળી રહ્યા. આજે પણ મહારાષ્ટ્રના પંઢરપુરમાં મંદિર છે જ્યાં ભગવાન ઈંટ પર ઉભા છે તેવી મૂર્તિ દ્રશ્યમાન છે. સાચા હૃદયથી કરેલી માતા પિતાની સેવા ઈશ્વરને પણ તથાસ્તુ કહેવા માટે મજબુર કરી દે છે!

– પ્રફુલ્લ કાનાબાર

## આપણો વાર્તા વૈભવ

પોલીસ ખાતામાં નોકરી કરતી, માલતીબેનની એકનીએક દીકરી પાયલને જોવા સાંજે મહેમાન આવવાના હતાં. સારા કાચના ગ્લાસનો સેટ લેવા બપોરે તે રાજકોટના ડી માર્ટમાં ગયાં હતાં. વાંકા વળીને ડી માર્ટના નીચેના ખાનામાં રહેલા ગ્લાસને જોઈ રહ્યાં હતાં, ત્યારે તેના કુલા ઉપર ભીડમાં પાછળથી આવેલા એક બહેને તેની ટ્રોલી ભટકાડી એટલે તે તરત જ સિધા થઈ ગયાં અને ગુસ્સાથી તાડુક્યા,

"જોતી નથી, અહીંયા ઊભા છીએ ?"

ટ્રોલીવાળાબેને પણ ચાલતાં ચાલતાં જ રોકડું પરખાવ્યું,

"ખબર નથી પડતી? રસ્તો રોકીને ઊભુ ન રહેવાય, રસ્તામાં ઊભી રહે તો ભટકાઈ જ ને !"

ગ્લાસ જોવાનું પડતું મૂકીને ગુસ્સાથી, "મૂંઝાઇ એ માલતી નહિ." બબડતાં બબડતાં તે પણ ટ્રોલી લઇને એ બહેનની પાછળ ચાલવા લાગી.

ધીમે ધીમે એક પછી એક વસ્તુઓ લઈ રહેલા એ બેનનો માલતીબેન પીછો કરતાં હતાં. નીચેના ખાનામાં પડેલા હેન્ડવોશના જીણા અક્ષરે લખેલા ભાવો વાંચવા સામાન્ય ભીડ વચ્ચે તે નીચે નમ્યા ત્યાં તો લાગ જોઈને માલતીબેને તેની ટ્રોલી એ બહેનના કુલાં ઉપર ભટકાડી દીધી હતી. પાછળ તેને જોતાં જ તેણે ઇરાદાપૂર્વક ટ્રોલી ભટકાડી હોવાની વાત એ બહેન સમજી ગયાં હતાં, તેની સામે મોઢું મચકોડીને તે ફરી હેન્ડવોશ જોવા લાગ્યાં. બદલો લઈ લીધો હોઇ બેચેન માલતીબેન હવે શાંત થઇ ગયાં હતાં.

આખા દિવસની દોડાદોડી અને ઘર સમુનમુ કરીને થાકી ગયેલા માલતીબેન સાંજે મહેમાનોની રાહ જોતાં બેઠાં હતા. પાયલ અને પ્રશાંતની વાત ચલાવનાર મામા મામી પણ ઘરે

આવી ગયાં હતાં. તૈયાર થઇને બેઠેલી પાયલને નવા ગ્લાસમાં પાણી અને ચાને ટ્રે માં લઇ આવવાની વાત સમજવી દીધી હતી. થોડીવારમાં માલતીબેનના ઇન્તજારનો અંત કરતો ડોરબેલનો અવાજ આખા ઘરમાં ફરી વળ્યો.

"આવો, આવો" કર્યા બાદ મામાએ પ્રશાંતના મમ્મી કિરણબેન અને પપ્પા અરુણભાઈની ઓળખાણ કરાવી. કિરણબેનને જોતાં જ માલતીબેનના હોશ ઉડી ગયાં હતાં. ડી માર્ટમાં ટ્રોલી ભટકાડનાર એ બહેન તેના ઘરે આવ્યાં હતાં. મામાએ વાત શરૂ કરતાં કહ્યું, "આ ફ્લેટ આઠ વર્ષ પહેલાં લીધો અને એક વર્ષમાં તો પાયલના પપ્પા ગુજરી ગયાં." પછી માલતીબેન તરફ નજર કરી ઉમેર્યું, " આ પાયલના મમ્મીએ તેને છોકરાની જેમ ઉછેરી છે. બધી વાતમાં હોશિયાર, મોટી ગાડી પણ ચલાવે છે!"

" અત્યારે જમાના પ્રમાણે રહેવું પડે છે, મારી દીકરી ભણી અને ગણી છે." થોડીવાર અટકીને પોતાના તરફ ઇશારો કરતાં માલતીબેને આગળ કહ્યું,' મુંઝાઇએ માલતી નહિ અને પાછી પડે એ પાયલ નહિ!"

તેની વાત સાંભળી પ્રશાંતના મમ્મી કિરણબેન બોલી ઉઠ્યા, "હા, બપોરે ડી માર્ટમાં મેં જોઈ લીધું !!"

એમણે ચોખવટ કરતાં કહ્યું : "ટ્રોલી ભટકાડી ત્યારે તમે સોરી કહ્યું હોત તો, વાત આગળ ન વધત."

વકીલાત કરતો પ્રશાંત ધીમેથી બોલ્યો,

" તમે ખરેખર મુઝાવ એવા લાગતાં નથી!"

તેની વાત કાપતા કિરણબેન થોડા ઉંચા અવાજે બોલ્યાં,

"ટ્રોલી ભટકાણી પછી તરત જ તમે ગુસ્સાથી, જોતી નથી? એમ બોલ્યાં એટલે મેં સોરી કહેવાને બદલે સામુ ચોપડવ્યું હતું."

વાતાવરણ હળવું કરવા અરુણભાઈએ કહ્યું: "પાયલ પોલીસમાં છે અને પ્રશાંત વકીલ છે, એકનું કામ ગુનેગારને પકડવાનું અને બીજાનું કામ ગુનેગારને છોડાવવાનું છે!"

" ઘરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહેશે!" તેવું મામાએ સ્મિત ફરકાવતા કહ્યું, ત્યારે ટ્રે માં ચા અને નાસ્તો લઈને પાયલ હોલમાં આવી ગઈ હતી. પ્રશાંતને એ પહેલી નજરમાં ગમી ગઈ હતી અને પાયલને પણ તે પસંદ પડ્યો હતો, બન્નેએ અલગ રૂમમાં બેસીને વાતચિત કરી હતી. મામા સાથે થોડી વ્યવહારિક વાતો કરી છેલ્લે અરુણભાઈએ કહ્યું, "વડીલો સાથે વાતચિત કરીને ફોન કરીશ."

બીજા દિવસે સવારમાં કિરણબેનનો ફોન આવ્યો હતો, "અમારી હા છે, તમે પણ અમારું ઘર જોવા આવો."

"આજે સાંજે હું ડી માર્ટ જવાની છું, અનુકૂળ હોઇ તો તમે પાંચ વાગે ત્યાં આવો." માલતીબેનનો જવાબ સાંભળી કિરણબેને વિચારીને કહ્યું, "ત્યાં શું કામ? તમે અમારા ઘરે જ આવેને."

માલતીબેને સમજાવ્યું કે,

"આજે બુધવાર અને અમાસ છે એટલે આજે નહીં."

તેની વાત સાંભળી કિરણબેન ડી માર્ટ આવવા તૈયાર થઇ ગયાં હતાં.

નક્કી થયા મુજબ સાંજે ક્રિસ્ટલ મોલના દરવાજા પાસે કિરણબેન આવી ગયાં હતાં. રાહ જોતાં માલતીબેને તેનો હાથ પકડીલેતા કહ્યું, " બેન, મારી એકનીએક દીકરીના લગ્નની મને ચિંતા છે. તેના લગ્ન પછી હું એકલી થઈ જઈશ, મને મારી ચિંતા થાય છે. પાયલથી છુપાવેલી એક વાત તમને કહું?"

કિરણબેને હકારમાં માથું હલાવતાં તેણે કહ્યું,

"મને યુટરસનું કેન્સર છે. થોડાં સમય પહેલાં મેં ગાંઠનું ઓપરેશન કરાવ્યું હતું, ડોક્ટરોએ ગાંઠની બાયોપ્સી કરાવી ત્યારે ખબર પડી! મેં આ વાત પાયલને કરી જ નથી !

શાંતિથી વાતો સાંભળી રહેલા કિરણબેને તેનો હાથ દબાવતાં કહ્યું: "મુંઝાવ નહીં, મુંઝાય એ માલતી નહીં." ઢીલા પડી ગયેલા માલતીબેનને ગળે લગાડતા આગળ કહ્યું,

"તમે કોઈ ચિંતા ન કરતાં હું છું ને! હું એક ઉત્તમ મા, એક ઉત્તમ પત્ની છું કે નહિ ? તેની મને ખબર નથી ! પરંતુ તમારી દીકરીની એક સારી સાસુ, એક સારી વેવાણ તો જરૂર બનીશ. માત્ર મારા પરિવાર માટે જ હવે મારે વિચારવાનું નથી! તેને માટે જ સુખ સુવિધાઓ ભેગીકરું તેવી હું મતલબી નથી. મારી શક્તિ અનુસાર હું તમને મદદ પણ કરીશ અને આપણાં પરિવારમાં કોઈ દુ:ખને ફરકવા નહિ દઉં."

તેની વાત સાંભળી માલતીબેન ગદગદ થઈ ગયાં હતાં. તેની આંખમાંથી આંસુ સરી પડેલા આંસુ ગાલ પર આવી ગયાં હતાં, તેને લૂછતાં કિરણબેન સાથે તે ડી માર્ટ તરફ ચાલવા લાગી.

ડી માર્ટમાં પ્રવેશતાં જ કિરણબેને એક ટ્રોલી લઈ લીધી હતી અને માલતીબેને લીધેલી ટ્રોલી તેના હાથમાંથી છોડાવતા કહ્યું:

"હવે એક જ ટ્રોલીમા આપણે સામાન લેવાનો છે. પ્રશાંત અને પાયલ તો લગ્ન પછી એક થશે, આપણે તો અત્યારે જ એક થઈ જઈએ!"

તેની વાત સાંભળી ગળગળા થઈ ગયેલાં માલતીબેન જાહેરમાં રડી પડ્યાં હતાં. થોડીવાર પછી સ્વસ્થ થઈ ને ડી માર્ટની વસ્તુ લેવા માટે તે નીચે નમ્યા એટલે કિરણબેને તેના હાથમાં રહેલી ટ્રોલી ધીમેકથી તેની સાથે ભટકાડી હતી. ટ્રોલી ભટકાતાં જ આ વખતે તે હસી પડ્યા હતાં. એક એનાઉસમેન્ટ પછી, ડી માર્ટ ના સ્પીકરોમાં ત્યારે ગીત શરૂ થયું હતું...

કિસી કી મુસ્કુરાહટો પે હો નિસાર
કિસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર
કિસી કે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર
જીના ઇસી કા નામ હૈ.

**ભરત ત્રિવેદી (ભાવેણા)**

# પ્રાસંગિક

હેન્રી શાસ્ત્રી

શ્રીમતી અનુપમા હરીશનો પુત્ર આશુતોષ અને શ્રીમતી ચારુલતાની પુત્રી નિધિના લગ્ન પ્રસંગની વિગતો નક્કી કરવા બન્ને વેવાણ મળ્યાં. તારીખ, લગ્ન સ્થળ, મેનુ, તમારા કેટલા માણસો, અમારા આટલા માણસો વગેરે પ્રાથમિક્તા નક્કી થઈ ગયા પછી આશુતોષના મમ્મી બોલ્યા કે 'આ બધું તો સરસ નક્કી થઈ ગયું, પણ અમારી એક શરત છે.' ભારતીય સમાજ જીવનના જે કેટલાક 'ખતરનાક વાક્ય' છે એમાંનું એક છે વરપક્ષ તરફથી બોલાતું આ વાક્ય– 'પણ અમારી એક શરત છે.' એસી રૂમમાં પરસેવો વળી જાય, હાંજા ગગડી જાય, ગભરાટથી ઘેરાઈ જવાય એ વિચારે કે હજી શું બાકી રહી ગયું? વેવાણ શ્રીમતી અનુપમા શરતની વાત ઉચ્ચારી આગળ કહે છે કે 'એમાં અમે કોઈ બાંધછોડ નહીં કરીએ.' એ સમયે મનમાં દોડી ગયેલી દરેક કલ્પનાનું પ્રતિબિંબ ચહેરા પર ન દેખાય એનું ધ્યાન રાખી શ્રીમતી ચારુલતા સ્મિત ફરકાવી બોલ્યાં કે ફરમાવો. વરમાતા અનુપમાએ સસ્મિત જવાબ આપ્યો કે 'લગ્ન પ્લાસ્ટિક મુક્ત હોય એવી અમારી અદમ્ય ઈચ્છા છે.' પેટમાં તેલ રેડાયું જેવી હાલત હતી એ પરિસ્થિતિમાં કાનમાં જાણે કે મધ રેડાયું હોય એમ ચારુલતાનો ચહેરો આનંદનું ઉપવન બની ગયો અને ઉત્સાહથી બોલ્યા કે 'ઓહોહો તો વાત એમ છે. તમે તો મારા મનની વાત કરી. આ એવો પ્રસ્તાવ છે જેમાં સંમતિ આપવાની ન હોય, સંમતિ હોય જ.' વેવાણના પ્રસ્તાવને જાણે કંકુ ચોખાથી વધાવી લેતા હોય એમ ચારુલતા બહેન બોલ્યા કે 'પ્લાસ્ટિકની ગંદકી મને બિલકુલ પસંદ નથી. એને કારણે પર્યાવરણ પ્રદૂષિત થાય છે એની ચિંતા મને કાયમ સતાવે છે. તમે નહીં માનો, પણ અમારા ટેરેસ ગાર્ડનમાં વેસ્ટમાંથી બેસ્ટ માટે અમે સતત કોશિશ કરીએ છીએ અને ખાતર પણ જાતે તૈયાર કરીએ છીએ.' લગ્ન પહેલા સગાઈ કરી ત્યારે પણ તેમણે પ્લાસ્ટિકનો જરાય ઉપયોગ નહોતો કર્યો. એટલે પ્લાસ્ટિક મુક્ત મેરેજની વાત હોંશે હોંશે સ્વીકારી લીધી. એ પડકારને પહોંચી વળવા તેઓ તૈયાર હતા.

વિચાર તો ઉમદા હતો, પણ એ વિચારને અમલમાં મુકવા કેટલી ચોકસાઈ અને કેવી સજાગતા રાખવી પડશે એનું અનુમાન બન્ને વેવાણને હતું. શ્રીમતી અનુપમાની દલીલ હતી કે આ પ્રકારના લગ્નમાં આયોજન તબક્કાથી જ જો ચીવટ રાખવામાં આવે તો એનો અમલ સફળતાપૂર્વક થઈ શકે. પ્લાસ્ટિક મુક્ત મેરેજ સાથે ઓછામાં ઓછો બગાડ કરવો એ વિચારને પણ બન્ને પરિવાર તરફથી પ્રાધાન્ય આપવામાં આવ્યું. બગાડ ઓછો થાય એ માટે વર પક્ષ અને કન્યા પક્ષ તરફથી ગણતરીની જ કંકોતરી છપાવવામાં આવી જેમાં લખ્યું હતું કે 'અમે ઓછામાં ઓછા બગાડથી લગ્ન કરવા ધારીએ છીએ. અમારી હૃદયપૂર્વકની વિનંતી છે કે બુકે અને ગિફ્ટ રેપર સાથે નહીં લાવતા.' બુકે વીંટાળવામાં અને ગિફ્ટ રેપરમાં પ્લાસ્ટિકનો વપરાશ થતો હોય છે એ વાત જાણીતી છે.

ભારતીય લગ્નમાં કેવો ભપકો, કેવા ઠાઠ હોય છે એ વાત જગજાહેર છે. લગ્નમાં આનંદ કરવો એ બહુ સારી વાત છે, પણ એ જ લગ્નમાં બગાડો કરવો એ નઠારી વાત છે. કોઈ લગ્ન પતી ગયા પછી જો તમે એ સ્થળની મુલાકાત લેશો તો તમને પ્લાસ્ટિક બોટલ, પ્લાસ્ટિક કપ

જેવો 'પ્લાસ્ટિક કચરો' ઠેરઠેર વેરાયેલો નજરે પડશે. લગ્ન જેટલા મોટા, બગાડ એટલો વધારે એ સીધુંસાદું સમીકરણ છે. બન્ને વેવાણે પ્લાસ્ટિક વેસ્ટને દૂર રાખવાને પ્રાધાન્ય આપી એવું મેનુ પસંદ કર્યું જેમાં કટલરી અને પ્લાસ્ટિક કપનો બને એટલો ઓછો ઉપયોગ થાય. સારી વાત એ હતી કે વાસણ કૂસણ ભાડે આપતી વ્યવસ્થા સાથે સંપર્ક થઈ ગયો અને પર્યાવરણનું રક્ષણ કરતા કેળના પાન પર ભોજન પીરસવામાં આવ્યું. આમ પ્લાસ્ટિકની બાદબાકીના બની શકે એટલા પ્રયાસ કરવામાં આવ્યા. રિસેપ્શનમાં સ્ટીલ પ્લેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. અન્ન બગાડ અટકાવવા પણ યોજનાબદ્ધ રીતે કામ થયું. લગ્ન મેળાવડામાં પ્લાસ્ટિક વેસ્ટ ઉપરાંત ફૂડ વેસ્ટ–અન્ન બગાડની સમસ્યા પણ બહુ વિકરાળ હોય છે. લગ્નમાં આવેલા મહેમાનોને ગણતરી કરીને પીરસી નથી શકાતું અને ખવાય એટલું જ પ્લેટમાં લેજો એમ કહી નથી શકાતું. એટલે અન્ન બગાડ તો અનિવાર્ય છે, પણ એઠું મુકવામાં આવેલું અન્ન કચરામાં ન જાય એની તકેદારી આ લગ્નમાં રાખવામાં આવી હતી. શ્રીમતી અનુપમાએ બેંગ્લુરુ સ્થિત 'સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રાઉન્ડ ટેબલ'ના સભ્ય અને વેસ્ટમાંથી ખાતર તૈયાર કરવાની પ્રક્રિયાના ગુરુ ગણાતા મિસ્ટર આયંગરનો સંપર્ક કરી વેસ્ટ ફૂડની વ્યવસ્થાની જવાબદારી તેમને સોંપી દીધી. શ્રી આયંગર તેમની ટીમના છ સભ્યો સાથે લગ્ન સ્થળે હાજર રહ્યા અને પ્લેટમાં પડતા મૂકવામાં આવેલા ભોજનની વ્યવસ્થા તેમણે કરી. ત્રણ દિવસ ચાલેલા લગ્ન સમારોહમાં ૪૦૦૦ લોકો જમ્યા જેને કારણે ૧૦૦૦ કિલો વેટ વેસ્ટ (ભીનો કચરો) નિર્માણ થયો જેને એકઠો કરી એના પર પ્રક્રિયા દ્વારા એમાંથી પછી ૩૦૦ કિલો ખાતર તૈયાર કરવામાં આવ્યું. સ્ટીલના વાસણોનો વપરાશ કરવાથી વાપરીને ફેંકી દેવામાં આવતા ૩૦૦૦૦ પ્લેટ, ગ્લાસનો બગાડ અટકાવી શકાયો. આપણે ત્યાં લગ્ન પ્રસંગે ભેટ આપવાનો રિવાજ છે અને આ ભેટને પ્લાસ્ટિક કોટેડ રેપરમાં વીંટાળી આપવામાં આવે છે. આ લગ્નમાં એનો પણ તોડ કાઢી ઘરમાં પડેલા બટર પેપરનો ઉપયોગ મહેમાનોની ભેટ સોગાદને બાંધવા માટે કરવામાં આવ્યો હતો. ડેકોરેશન માટે તાજા ફૂલ વાપરવામાં આવ્યા હતા અને બીજે દિવસે એ ફૂલ મુંબઈના કોઈ સ્ટુડિયોને મોકલી દેવામાં આવ્યા જ્યાં એનો ઉપયોગ નેચરલ ડાય બનાવવા માટે કરવામાં આવ્યો હતો. બીજી પણ કેટલીક કોશિશ કરવામાં આવી હતી.

લગ્ન જે રીતે સંપન્ન થયા એ માટે શ્રીમતી અનુપમા અને શ્રીમતી ચારુલતા પ્રશંસાના અધિકારી છે. બન્ને વેવાણનું માનવું છે કે પ્લાસ્ટિક મુક્ત પરણાવવાની પ્રથા અપનાવવા જેવી છે અને એનું આયોજન મુશ્કેલ નથી. આવા આયોજનને કારણે દરેક સ્તરે બગાડ નહિવત થાય છે અને જીવનશૈલી માટે આવી પદ્ધતિ પોષક પણ છે. આ પ્રકારના લગ્ન પ્રસંગની ચર્ચા વ્યાપક સ્તરે એટલા માટે થવી જોઈએ કે એકનું જોઈ બીજાને કરવાનું મન થાય, આવા પ્રયાસ માટે જાગરૂકતા ફેલાય અને પર્યાવરણની જાળવણીમાં યોગદાન આપી શકાય. બેંગલુરુના વેવાણોના પ્લાસ્ટિક મુક્ત લગ્ન એક આશાનું કિરણ છે જે ભાવિ પેઢીને પ્લાસ્ટિક મુક્ત જીવન માટે અનોખું ઉદાહરણ પૂરું પાડી નવી દિશા દેખાડશે.

## શ્રીમંતાઈ માટેની કલ્પનાઓ

ઘરમાં રોજના જરૂર પૂરતા તાજા ફ્રૂટસ, શાકભાજી,

દૂધનું હોવું એટલે મારી માટે શ્રીમંતાઈ

આજે અચાનક ઘરે કોઇ મહેમાન આવ્યા અને

એને પેટ ભરીને પ્રેમથી જમાડી શકી એ શ્રીમંતાઈ

મને કોઈ મિત્રો કે સંબંધીનો કોઈપણ કામ વગર

કાંઈ નહિ બસ એમ જ યાદ આવી એટલે ફોન કર્યો....એ મારી માટે શ્રીમંતાઈ

કોઈ મારી ઉપર વિશ્વાસ મૂકીને મારી સાથે એના જીવનની અનમોલ વાતો શેર કરે એ મારી માટે શ્રીમંતાઈ

આયુષ્ય આનંદમાં જીવી શકીએ આપણા આસપાસ આપણા કહી શકે એવા મિત્રોનું વર્તુળ હોવું એ જ શ્રીમંતાઈ

---

આપણે હમેશાં માનીએ છીએ કે જીવનમાં આપણી પાસે પસંદગીનો અધિકાર છે. આપણે નક્કી કરીએ તેમ જ બધું થાય છે પણ ત્યાં જ આપણે ભીંત ભૂલીએ છીએ.

આપણે મોસમ નથી બદલી શકતા. સુખનો એક કલાક લંબાવી નથી શકતા કે દુ:ખનો એક કલાક પણ ઓછો નથી કરી શકતા.

પ્રત્યેક માનવી બે પ્રકારના જગતમાં રહે છે એક એનું બાહ્ય જગત જેમાં એની સાથે અન્ય માનવીઓ પણ રહેતા હોય છે. બીજું આંતરિક જગત જેમાં એ એકલો જ રહેતો હોય છે !

વ્યક્તિનાં આંતરિક જગતનું જેવું નિર્માણ થાય એવું જ એનું જીવન ઘડાતું હોય છે. આંતરિક જગતમાં વ્યક્તિના વિચારો અને એની માનસિકતા ખૂબ જ મહત્વની છે. અનાયાસે પ્રાપ્ત થયેલું ધન અને પરિશ્રમ વગરનું જીવન વ્યક્તિની આંતરિક શક્તિઓને ક્યારેય ખીલવા દેતું નથી.

મનુષ્ય પાસે ત્રણ પ્રકારની શક્તિ હોય છે. બાહુબળ બુદ્ધિબળ અને ધન બળ.

આમાંથી કોઈ પણ પ્રકારની શક્તિનો ઉપયોગ નિ:સ્વાર્થ ભાવે અન્યના ભલા માટે કરવામાંઆવે તો એને "સેવા" કહેવાય.

સંતોષનું ધન જયારે વધવા લાગે ત્યારે જ માણસને મર્સીડીઝમાં આનંદ શોધવાની વૃત્તિ એની ભૂલ હતી એનું જ્ઞાન આવે છે. એ હળવો થઈને અન્યની પીડા બાબતે વિચારતો થાય છે.

કોઈ પણ સેવાના માર્ગ પર તમે જેમ જેમ આગળ વધતા જાવ છો, તેમ તેમ તમે તમારી પીડાને ભૂલતા જાવ છો (જો હોય તો) અને વધુ ને વધુ નમ્ર બનતા જાવ છો.

પરોપકારના કાર્યમાં જેમ ઊંડા ઉતરશો એમ ખ્યાલ આવશે કે હજૂ ઘણું બધું થઇ શકે તેમ છે અથવા તો ઘણું બધું કરવાનું બાકી છે!

**-પ્રફુલ્લ કાનાબાર**

બે પ્રકારના જગતમાં રહે છે એક એનું બાહ્ય જગત જેમાં એની સાથે અન્ય માનવીઓ પણ રહેતા હોય છે. બીજું આંતરિક જગત જેમાં એ એકલો જ રહેતો હોય છે!

વ્યક્તિનાં આંતરિક જગતનું જેવું નિર્માણ થાય એવું જ એનું જીવન ઘડાતું હોય છે. આંતરિક જગતમાં વ્યક્તિના વિચારો અને એની માનસિકતા ખૂબ જ મહત્વની છે. અનાયાસે પ્રાપ્ત થયેલું ધન અને પરિશ્રમ વગરનું જીવન વ્યક્તિની આંતરિક શક્તિઓને ક્યારેય ખીલવા દેતું નથી.

મનુષ્ય પાસે ત્રણ પ્રકારની શક્તિ હોય છે. બાહુબળ બુદ્ધિબળ અને ધન બળ.

આમાંથી કોઈ પણ પ્રકારની શક્તિનો ઉપયોગ નિઃસ્વાર્થ ભાવે અન્યના ભલા માટે કરવામાંઆવે તો એને "સેવા" કહેવાય.

સંતોષનું ધન જયારે વધવા લાગે ત્યારે જ માણસને મર્સીડીઝમાં આનંદ શોધવાની વૃત્તિ એની ભૂલ હતી એનું જ્ઞાન આવે છે. એ હળવો થઈને અન્યની પીડા બાબતે વિચારતો થાય છે.

કોઈ પણ સેવાના માર્ગ પર તમે જેમ જેમ આગળ વધતા જાવ છો, તેમ તેમ તમે તમારી પીડાને ભૂલતા જાવ છો (જો હોય તો) અને વધુ ને વધુ નમ્ર બનતા જાવ છો.

પરોપકારના કાર્યમાં જેમ ઊંડા ઉતરશો એમ ખ્યાલ આવશે કે હજૂ ઘણું બધું થઇ શકે તેમ છે અથવા તો ઘણું બધું કરવાનું બાકી છે!

– પ્રફુલ્લ કાનાબાર

---

## ઘુઘરા

– નયના શાહ, વડોદરા

"મમ્મા, બા મમ્ મમ્" શૌર્ય ખુશ થઈ હસવા લાગ્યો. ઘુઘરો ખલાસ થતાં જ સામેના ઘર તરફ આંગળી કરી એની મમ્મીનો સાડીનો છેડો પકડીને સામે ઘેર જવા માટે પ્રયત્ન કરતો હતો. દૂરિશાએ એના બાળકના હાથમાં સામે ઘેરથી લાવેલો ઘુઘરો જોયો ત્યારે જ તેની આંખોમાં પાણી આવી ગયું.ઘુઘરા સાથે ઘણી બધી યાદો જોડાયેલી હતી. શૌર્ય એને ઘણો વહાલો હતો. કેમ ના હોય! લગ્નના પાંચ વર્ષ બાદ શૌર્ય આવેલો.જોકે દરેક મા બાપને પોતાનું બાળક વહાલું જ હોય .

શૌર્ય તો બહુ જ મીઠો હતો. નાનું બાળક તો દરેકને વહાલુ જ લાગતું હોય. દૂરિશા ખૂબ જ સ્વમાની ક્યારેય કોઈના ઘરે કોઈ પણ વસ્તુ માગવા ના જાય .જ્યારે આજે એનું સંતાન એને સામે ઘેર ઘુઘરો માગવા લઈ જતો હતો. જો કે સામેવાળા આંટી ખૂબ જ પ્રેમાળ હતા. એ તો શૌર્યને હોંશે હોંશે ઘુઘરો આપે.

નાના બાળકમાં ભૂલવાની ક્ષમતા ઘણી જ હોય છે .એણે શૌર્યના હાથમાં એનું ગમતું રમકડું આપી દીધું. બીજી જ મિનિટે શૌર્ય બધું ભૂલીને એના ગમતા રમકડા સાથે રમવા માંડ્યો. દૂરિશા ભૂતકાળમાં ખોવાઈ ગઈ. વધુ કંઈ વિચારે એ પહેલાં જ સામેવાળા આંટી બહાર આવ્યા. દૂરિશાને જોતાં જ બોલ્યા," "શૌર્ય તો આવી ગયો તું કેમ ના આવી? આવી રીતે દીકરો દોડીને બહાર આવી જાય તું ધ્યાન રાખ."દૂરિશાએ જોયું તો શૌર્ય નાના–નાના ડગ ભરતો સામે ઘેર પહોંચી ગયો હતો. દૂરીશા શૌર્યને લેવા ગઈ ત્યારે આંટીએ કહ્યું ,"દૂરીશા આજના

દિવસે તું આવી એ મને ગમ્યું .આજનો દિવસ તો તું જાણે છે કે આપણા ઘરોમાં ઘુઘરા બનાવી થાળ કરવાનો રિવાજ છે અને આવનાર દરેકને પ્રસાદી રૂપે ઘુઘરા આપવાના હોય છે. કાલે તો દિવાળી છે. આજે મઠિયા સુવાળી કરીશ. ભાઈબીજે તો મારો ભાઈ આવશે. ગઈ સાલ તો એ બિમાર હતો એટલે જ હું જ એને ત્યાં ગઈ હતી. આ વર્ષે તો મારો ભાઈ જ આવવાનો છે."

"અરે ,દૂરિશા તેં તો ઘુઘરો હાથમાં જ રાખી મુક્યો. આ દિવસે તો આવનાર દરેક વ્યક્તિને પ્રસાદી રૂપે ઘુઘરો જ આપવાનો હોય .જોતો કેવો સરસ થયો છે !"ના છૂટકે દૂરિશાએ મોંમાં ઘુઘરો મુક્યો. ઘુઘરો મીઠો હોવા છતાં પણ એના મોંમાં કડવાશ આવી ગઈ હતી.

એ રાત્રે દૂરિશા સૂઈ જ ના શકી.એ ક્યાંય સુધી પડખા બદલતી રહી .તેથી તો એના પતિએ કહ્યું," દૂરિશા મને ખબર છે કે તને પિયર યાદ આવે છે .તું પિયર જઈ આવ. પિયર જવા માટે આમંત્રણની રાહ જોવાની ના હોય ".

"વગર આમંત્રણે સતી પિતાને ત્યાં ગઈ પછી શું થયું એ વાતની કોઈ અજાણ નથી."

" કોઈ પણ વાત મનમાં રાખવાથી તબિયત બગડશે .કાલે દિવાળી છે. હું ડ્રાઇવરને કહી દઈશ.તું જઈ આવ. તહેવાર છે તો ભૂતકાળ ભૂલી જા."

પતિના શબ્દોની અસર થઈ હોય કે ગમે તે પણ ત્યાર બાદ દૂરિશા ઘસઘસાટ સૂઈ ગઈ. પણ સાથે સાથે એક નિર્ણય પણ લઈ લીધો હતો .

બીજા દિવસે દિવાળી હતી. દૂરિશાએ વહેલા ઉઠી ઘુઘરા બનાવવાનું શરૂ કરી દીધું. આજે બરાબર ત્રણ વર્ષ બાદ ઘુઘરા બનાવી રહી હતી. જોકે એમનામાં રિવાજ હતો કે કાળી ચૌદસના દિવસે ભગવાનને ઘુઘરા ધરાવવાના હોય .પણ છેલ્લા ત્રણ વર્ષથી મોટાભાઈ જોડે મન દુ:ખ થયું હતું. જેથી ભાઈબહેન વચ્ચે બોલવાનો સંબંધ પણ રહ્યો ન હતો.

એક સમય એવો હતો કે ભાઈબેનને એકબીજા વગર ચાલતું જ ન હતું. ત્રણ વર્ષ પહેલાં ધનતેરસને દિવસે ભાઈ ભાભી ડાકોર જતા હતા પરંતુ ભાઈએ તરત કહ્યું," આટલે સુધી આવ્યા છીએ તો દૂરિશાને વડોદરા મળીને અમદાવાદ જઈશું."કહેતા ભાઈએ કાર વડોદરા બાજુ દોડાવી મૂકી .એ જ વખતે દૂરિશા ઘુઘરા કરી રહી હતી. ભાઈ તો ઘુઘરા જોઈને જ બોલી ઉઠ્યો," દૂરિશા, હું તો આ બધા ઘુઘરા લઈ જઈશ .તને તો ખબર છે કે મને તારા સિવાય કોઈના ય બનાવેલા ઘુઘરા ભાવતા નથી.

દૂરિશા પણ ખુશ થતા બોલી," હું ઘુઘરા બનાવતા તમને જ યાદ કરતી હતી. સારુ થયું તમે આવી ગયા. તમે લઈ જાઓ હું તો બીજા બનાવી દઈશ.

ત્યારબાદ એક નાની વાતમાં ભાઈબહેન ના સંબંધોમાં તિરાડ પડી ગઈ.બસ ત્યારબાદ તો દૂરિશાને પણ ઘુઘરા બનાવવાની ઈચ્છા થતી ન હતી. તેથી જ કાળી ચૌદસને દિવસે એ ભગવાનને ઘુઘરાને બદલે કોઈ એક મીઠાઈ ધરાવતી પોતે પણ ઘુઘરા ખાતી નહીં. તેથી જ એ કાળી ચૌદશે કોઈને ત્યાં જતી નહીં.

દૂરિશાનો પતિ ઉઠ્યો ત્યારે દૂરિશા ઘુઘરા બનાવી ડબ્બામાં પેક કરી રહી હતી. ડ્રાઇવર હાજર જ હતો. ડ્રાઇવરના હાથમાં ડબ્બો આપતા બોલી, "મોટાભાઈના હાથમાં આપજે. કહેજે

કે તમારી બેને મોકલ્યું છે."

સાંજે ડ્રાઇવર અમદાવાદથી પાછો આવે એની રાહ જોઈ રહી હતી. મનમાં બીક તો હતી જ કે મોટાભાઈ ડબ્બો પાછો મોકલશે તો!

સાંજે ડ્રાઇવરને દૂરથી આવતો જોયો ત્યારે એને થયું કે એ ડબ્બો પાછો લઈને ના આવે તો સારું. મોટાભાઈએ સ્વીકાર્યો નહીં હોય તો !એ પોતે પણ જાણવા આતુર હતી કે શું થયું હશે?

ડ્રાઇવર આવ્યો ત્યારે એ નાના બાળકની જેમ દોડી. મનમાં હતું કે શું થયું હશે? એની ધીરજ ખૂટતી જતી હતી. તેથી જ એ પૂછી બેઠી," શું થયું? મોટાભાઈ મળ્યા?"

ડ્રાઈવર પણ લાગણીશીલ બનીને બોલ્યો, "તમારા ભાઈએ ડબ્બો ખોલ્યો અને ઘુઘરા જોઈ નાના બાળકની જેમ રડ્યા. કહે કે આજે ત્રણ વર્ષ બાદ હું ઘુઘરા ખાઈશ. મારી બેન દૂરિશા મજામાં છે ને?"

આ સાંભળી ને તો દૂરિશા પણ રડી પડી. ડ્રાઇવરે કહ્યું," મેડમ, તમારા ભાઈએ કહ્યું છે કે હું ભાઈબીજના દિવસે આવીશ. મારી રાહ જુએ."

સાંજ પડવા આવી હતી. દૂરિશા એક નવા ઉત્સાહ સાથે દિવાળીના દીવા પ્રગટાવવાની તૈયારી કરવા લાગી .વર્ષોના અબોલા દૂર થઈ ગયા હતા .દિવાળી એક નવો ઉત્સાહ લઈને આવી હતી.

## શોધ

જે આજના સમયમા એક ઘર છોડી ને ચાલતી કહાની

રોમા અને મયંક બંનેને એકબીજાનો પરિચય એક મેરેજ બ્યુરો સાઈટ ઉપર થયો. બંને લગ્નોત્સુક ઉમેદવારના કુટુંબોએ ઔપચારિક વાતચીત પછી નક્કી કર્યું કે બંને છોકરાઓ પહેલા ફોન ઉપર થોડી વાતચીત શરૂ કરે પછી યોગ્ય લાગશે તો ફેમિલી મિટિંગ કરશું. લગભગ મહિના સુધી બંનેએ વાતચીત કરી અને ત્રણ – ચાર વખત બહાર મળ્યા.

બધું બરાબર લાગતા ફેમિલી મીટીંગ કરવી તેવું નક્કી થયું. મયંક શ્રીમંત પરિવારમાંથી અને રોમાનો પરિવાર ખાધે પીધે સુખી પણ શ્રીમંત કહી શકાય તેવી જાહોજલાલી નહીં. રોમાના મા બાપને તો દીકરી આપવાની એટલે ચિંતા વિશેષ હોય તે સ્વભાવિક કહેવાય એટલે રોમાના મમ્મી પારુલબેને રોમા સાથે ચોખવટ કરી.., "તું અને મયંક લગભગ મહિનાથી વાતચીત કરી રહ્યા છો, ત્રણ ચાર વખત મળ્યા પણ છો એટલે બંનેને એકબીજાના ગમા – અણગમાનો ખ્યાલ છે એવું માનીને હવે ફેમિલી મિટિંગ કરીએ છીએ પણ એ લોકો આપણા કરતા પૈસે ટકે સુખી છે તો..

"મમ્મી એવું કાંઈ નથી. મયંક ખુબ સરળ છે – ટ્રાનસ્પરન્ટ છે અને તેના મમ્મી પપ્પા પણ ઓપન માઈન્ડેડ છે.તને દહેજ – કરિયાવર વગેરેનો ડર હોય તો તે કાઢી નાખજે. અરે! મયંકને તો મારી જોબની સેલેરીમાં પણ ઇનરેસ્ટ નથી.મે બધું જ પુછી લીધું છે."

"બેટા, અત્યારે સંબંધ બાંધવો છે એટલે તને સારૂ લગાડવા બધી હા એ હા કરે પણ પાછળથી તેને લઈ ઝઘડો પણ ઉભો કરે. મયંકને ઇન્ટરેસ્ટ ન હોય પણ તેના પેરેન્ટ્સને હોઈ

શકે. સમય એવો છે એટલે કાંઈ કહેવાય નહીં. આજકાલ છોકરાઓ બધી વાત ઘરમાં કરતા નથી – પણ જ્યારે ખરાખરીનો સમય આવે ત્યારે બધું સાચે સાચું કહેવું જ પડતું હોય છે અને ત્યારે જ પ્રોબ્લેમની શરૂઆત થાય છે." રોમાના પપ્પા સુનીલભાઈ પ્રેક્ટિકલ અપ્રોચ દેખાડતા બોલ્યા.

"શું તમે પણ પપ્પા, મયંક એવું ક્યારેય નહીં કરે, તે બોલીને ફરે તેમાંનો નથી અને મયંક જે ડિસિઝન લે તે જ ફાઇનલ હોય છે, તેના પેરેન્ટ્સ ઇન્ટરફીયરન્સ કરે તેવા નથી."

"ઠીક છે ત્યારે, અમને તારી પસંદ ઉપર વિશ્વાસ છે.હવે પોઝિટિવ માઇન્ડ સેટ સાથે આપણે મિટિંગની તૈયારી કરીએ." પારુલબેન હરખાતા બોલ્યા.

આખરે બેઉ પરિવાર રોમાના ઘરે મળ્યા. સરસ મજાની ખાણી પીણી અને હસી મજાક સાથે સૌ છુટા પડ્યા. રાત્રે પરવારીને પારુલબેને રોમાને કહ્યું," મયંક અને તેના પપ્પા – કિશનભાઈ સાલસ સ્વભાવના લાગ્યા પણ તેના મમ્મી – મધુરીબેન હાઈ સોસાયટી કલ્ચર ધરાવતા હોય તેવું લાગે છે."

"મારો પણ એવો જ મત છે. રોમા કદાચ તેમની સાથે કમ્ફર્ટ ફીલ નહીં કરી શકે." સુનિલભાઈ પોતાનો મત આપતા બોલ્યા.

"તમે અત્યારથી કોઈ પૂર્વગ્રહ બાંધી નહીં લ્યો. હજુ આપણે એક બે વાર વધુ મળશું પછી..."

એટલામાં જ મયંકનો ફોન આવતા રોમા વાત કરવા તેના રૂમમાં ચાલી ગઈ. કલાક ફોન ચાલશે તેવું ધારીને પારૂલબેન અને સુનીલભાઈ પણ તેમના રૂમમાં સુવા ચાલ્યા ગયા પણ પારુલબેનને પડખા ફેરવતા જોઈ સુનીલભાઈ તેને ધરપત આપતા બોલ્યા," તું શાંતિથી સુઈ જા. ટેન્શન ન રાખ. આપણે શક્ય થાય તેટલી બહાર પૂછપરછ કરશું પછી જ આગળ વધશું."

"આજકાલ સાચી – અંદરની વાત ખબર હોય છતાં પણ ક્યાં કોઈ બોલે છે અને સાથે હકીકત એ પણ છે કે કોઈને કોઈનામાં પડવું જ નથી. સબંધમાં બંધાયા પછી જ સુગર કોટેડ આવરણની અંદર છુપાયેલું કડવું સત્ય બહાર આવતું હોય છે. આ કોઈ નવી વાત નથી."

પારુલબેને મનનો બળાપો બહાર કાઢ્યો.

"તારી વાત સો ટકા સાચી છે. આ બાબતમાં ગમે તેટલા હોંશિયારની હોંશિયારી કામ નથી આવતી. પૈસા ટકાની સમાનતા હોવી જરૂરી નથી પણ મુખ્યત્વે વિચારો, નૈતિક મૂલ્યોમાં સમાનતા હોવી જોઈએ. "અમે છોકરાવાળા છીએ " – આ માનસિકતા હશે તો ગમે તેટલો પૈસો પણ સંબંધ ટકાવી નહીં શકે."

સવારના નાસ્તાના ટેબલ ઉપર રોમાની અધીરાઈથી રાહ જોવાઈ રહી હતી. રાતના મયંક સાથેની વાતચીત ઉપરથી માધુરીબેન અને કિશનભાઈના મંતવ્યનો તાગ કાઢવાનો હતો. ઓફિસે જવા તૈયાર થઇને આવેલી રોમાની સોજી ગયેલી આંખો જોઈ પારુલબેને ચિંતાના સુરે પૂછ્યું, "શું થયું? રાતના બરોબર સુતી નથી? મયંકે કાંઈ કહ્યું?"

થોડી શાંતિ રાખ, આમ એક્સામટા સવાલો પુછી એને નર્વસ ન કર." સુનિલભાઈ રોમાને સ્પેસ આપવાના ઇરાદે બોલ્યા.

"મયંકના મમ્મીને મારા વજનને લઇ વાંધો પડ્યો છે." રોમા ચોખ્ખે ચોખ્ખું બોલી ગઈ.

"મયંકને એ બાબતે વાંધો નથી એટલે તો વાત અહીં સુધી પહોંચી હતી. દેખાવ બાબતે મા બાપનો જ નિર્ણય જ આખરી હતો તો પહેલા મા બાપ સાથે જ મિટિંગ કરવી હતી. તમે બેઉએ બે ચાર વાર મળીને શું મમ્મીને મારા વજનને લઇ વાંધો પડ્યો છે." રોમા ચોખ્ખે ચોખ્ખું બોલી ગઈ.

"મયંકને એ બાબતે વાંધો નથી એટલે તો વાત અહીં સુધી પહોંચી હતી. દેખાવ બાબતે મા બાપનો જ નિર્ણય જ આખરી હતો તો પહેલા મા બાપ સાથે જ મિટિંગ કરવી હતી. તમે બેઉએ બે ચાર વાર મળીને શું ઉકાળ્યું? ખોટો ટાઈમ પાસ થઇ ગયો." પારુલબેન ઉકળાટ કાઢતા બોલ્યા.

"મારે પાંચ –સાત કિલો વજન ઘટાડવુ જોઈશે એવું મયંકના મમ્મીનું કહેવું છે પણ મયંક અમારા સંબંધ માટે ખુબ પોઝિટિવ ફીલિંગ રાખે છે." કહીને રોમા ઓફિસે નીકળી ગઈ.

તે દિવસ બાદ મયંકના મમ્મીનું સતત રોમાના વજન વિશે ટિપ્પણી કરવાનું ચાલુ જ રહ્યું. હવે તો મયંકે પણ રોમાને કહેવાનું શરૂ કર્યું કે, "વજન ઉપર થોડું ધ્યાન આપે તો સારૂ." રોમાએ ચોખ્ખું જ કહી દીધું હતું કે, "તમને વજન સાથે વાંધો હતો તો પહેલેથી જ કહેવું હતું. આજે હું વજન ઘટાડી લઈશ, કાલે પછી વધી જઈશ તો શું તમે લગન ફોક કરશો?? " મયંક પાસે કોઈ જવાબ નહોતો.

મયંકના મમ્મીનું કહેવું હતું કે, રોમાને જીન્સ પેન્ટ કે શોર્ટ ડ્રેસીસ સુટ નહીં થાય. પાર્ટીમાં આવું પહેરશે તો તે મજાકનો વિષય બનશે અને લગ્ન પછી, પ્રેગનેન્સી પછી તો હજી વધુ વજન વધશે... આવી અનેક દલીલોથી મયંકનું કમ્પ્લિટ માઈન્ડ વોશ કરવામાં આવ્યું હતું.

આ તરફ રોમાના મમ્મી પપ્પા ખુબ ચિંતિત હતા. મિટિંગ થયા બાદ મયંકના પરિવારમાંથી કોઈ રિસ્પોન્સ ન્હોતો.મયંક પણ પહેલા જેટલી વાત ન્હોતો કરી રહ્યો.

મીન ટાઈમ રોમાનો બર્થડે આવી રહ્યો હતો એટલે રોમા વિચારતી હતી કે મયંક તે જ દિવસે તેનો પોઝિટિવ નિર્ણય જણાવી સરપ્રાઈઝ આપવાનો છે એટલે મયંક અત્યારે કોલ્ડ રિસ્પોન્સ આપી રહ્યો છે. આખરે તે દિવસ આવી ગયો અને રોમાને સરપ્રાઈસ મળી... બંનેના બ્રેકઅપની !

રોમાને ખૂબ મોટો ઝટકો લાગ્યો હતો. મયંક પણ આવું કર્યા પછી અંદરથી ખુશ ન્હોતો, પણ મમ્મી સામે લાચાર હતો. જેમ તેમ કરીને રોમાએ પોતાને બીજી પ્રવૃતિ તરફ ઢાળી લીધી એટલે ડિપ્રેસનથી બચી ગઈ.

લગભગ ત્રણ મહિના પછી મયંકે ફરી રોમાનો કોન્ટેક્ટ કર્યો. માફી માંગી અને ફરી કનેક્ટ થવા રિક્વેસ્ટ કરી પણ હવે રોમાએ મન મક્કમ કરી લીધું હતું. તેણે ચોખ્ખા શબ્દોમાં મયંકને કહી દીધું કે, "કોઈ રૂપસુંદરી શોધી લે, તારા મમ્મીને ગમે એવી. ઇન ફેક્ટ મોડલ જ શોધી લે જેને બધા જ પ્રકારના કપડાં સૂટ થાય... પાર્ટી શાર્ટી કરતી હોય તેવી છોકરી જ તમારા સર્કલમાં ફીટ થશે. ગુણ, સંસ્કાર તો તમારે મન વાહિયાત વસ્તુ છે એ સમજાઈ ગયું છે. જે બહાર દેખાય તે જ સારું અને સાચું! હવે મને કોઈ દિવસ ફોન ન કરતો."

આજે રોમા તો પરણીને ઠરીઠામ થઈ ગઈ છે. પણ મયંકના મમ્મીની શોધ હજી ચાલુ છે!!

## WebSite પર પત્રિકા મેળવવા માટે

શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે http://abbhs.in પર Patrika વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.

## What's APP પર પત્રિકા મેળવવા માટે

પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા What's APP માધ્યમથી દર મહિને જોઈ શકો છો. જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે What's APP ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી**

**શ્રી દિલીપભાઈ પંડ્યા** દ્વારા બાજખેડાવાળ પત્રિકા નં.૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ-૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

(M) 9898535030, 9974127810